


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 210
Dt.: 12-04-2026,
Sunday
Page : 04
Rs.00.50 paisa


### મોંઘવારી ભેદભાવ કરતી નથી, પેન્શનર્સને પણ સમાન દરે મળવી જોઈએ

## મોંઘવારી ભથ્થામાં કર્મચારી-પેન્શનર વચ્ચે ભેદભાવ કરી શકાય નહીં: સુપ્રીમ



### સકારાત્મક દૃષ્ટિકોણથી જોવામાં આવે તો સમાનતા અને મનસ્વીતા એકબીજાના વિરોધી છે : સુપ્રીમ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નિવૃત્ત સરકારી કર્મચારીઓ માટે સમાનતાના અધિકારને સમર્થન આપતા એક મહત્વપૂર્ણ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે શુક્રવારે જણાવ્યું હતું કે મોંઘવારી સામે રાહત આપવા માટે આપવામાં આવતા ભથ્થાઓમાં સરકાર કાર્યરત કર્મચારીઓ અને પેન્શનરો વચ્ચે ભેદભાવ કરી શકે નહીં. કેરળ રાજ્ય સરકાર અને કેરળ રાજ્ય પરિવહન નિગમની અપીલને ફગાવી દેતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે ફુગાવો કાર્યરત અને નિવૃત્ત કર્મચારીઓ બંનેને સમાન રીતે અસર કરે છે. સમાનતા એક ગતિશીલ સિદ્ધાંત છે, જેને પરંપરાગત મર્યાદાઓમાં બાંધી શકાય નહીં. સકારાત્મક દૃષ્ટિકોણથી જોવામાં આવે તો સમાનતા અને મનસ્વીતા એકબીજાના વિરોધી છે. સમાનતા કાયદાના શાસનનો આધાર છે, જ્યારે મનસ્વીતા એક સત્તાવાળાની મનમાની દર્શાવે છે. બંધારણની કલમ ૧૪ (સમાનતાનો અધિકાર)નો ઉલ્લેખ કરી સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે સમાનતાનો હક વર્ગ આધારિત ભેદભાવની મનાઈ કરે છે, પરંતુ યોગ્ય વર્ગીકરણને મંજૂરી આપે છે, જે માટે બે શરતો જરૂરી છે. પ્રથમ શરત એ છે કે વર્ગીકરણ સ્પષ્ટ તફાવત પર આધારિત હોવું જોઈએ. બીજી એ છે કે આ તફાવત કાયદાના હેતુ સાથે તર્કસંગત રીતે જોડાયેલો હોવો જોઈએ.ખંડપીઠે જણાવ્યું હતું કે KSRTCએ ઉલ્લેખિત ચુકાદાઓ આ મામલામાં લાગુ પડતા નથી, કારણ કે અહીં લાભ મેળવવાનો અધિકાર વિવાદિત નથી. અહીં નિવૃત્ત કર્મચારીઓને માત્ર પેન્શન જ નહીં, પરંતુ મોંઘવારી રાહત પણ મળે છે, જેમાં સમયાંતરે સુધારો થતો હોય છે. અહીં સવાલ કાર્યરત અને નિવૃત્ત કર્મચારીઓ વચ્ચે અલગ-અલગ દરે મોંઘવારી ભથ્થામાં વધારો કરવાનો છે. મોંઘવારી સેવા બજાવતા કર્મચારી અને પેન્શનર વચ્ચે કોઈ ભેદભાવ કરતી નથી.

### મિશન એનર્જી! યુદ્ધવિરામ વચ્ચે ભારત એક્શનમાં

## UAE પહોંચ્યા એસ.જયશંકર અને વિક્રમ મિસરીની યુરોપ મુલાકાત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મધ્ય પૂર્વના દેશોમાં ચાલી રહેલા તણાવ અને યુદ્ધની સ્થિતિ વચ્ચે ભારતે પોતાની ઊર્જા, સંરક્ષણ અને વેપાર સુરક્ષાને સુનિશ્ચિત કરવા માટે આક્રમક કૂટનીતિક પ્રયાસો શરૂ કર્યા છે. આ વ્યૂહનીતિના ભાગરૂપે વિદેશ સચિવ વિક્રમ મિસરી રવિવારથી ફ્રાન્સ અને જર્મનીના ત્રણ દિવસીય પ્રવાસે જઈ રહ્યા છે.

અમેરિકાના સફળ પ્રવાસ બાદ હવે તેઓ યુરોપના આ બે શક્તિશાળી દેશો સાથે ભારતના હિતોને મજબૂત કરશે. આ તરફ, વિદેશ મંત્રી એસ. જયશંકર પણ હાલ અબુ ધાબી(UAE) પહોંચ્યા છે, જ્યાં તેઓ ઊર્જા અને વ્યૂહાત્મક ભાગીદારી અંગે મહત્ત્વની ચર્ચા કરી રહ્યા છે.

ભારતની આ કૂટનીતિક દોડધામ એવા સમયે થઈ રહી છે જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે સીઝફાયરની જાહેરાત થઈ છે અને ઈસ્લામાબાદમાં યુદ્ધવિરામ માટે બંને પક્ષોના પ્રતિનિધિઓ મંત્રણા કરી રહ્યા છે. વિક્રમ મિસરી અમેરિકામાં માર્કો રુબિયો અને ટ્રમ્પ વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી ચૂક્યા છે.

હવે ફ્રાન્સ અને જર્મનીના પ્રવાસનો મુખ્ય હેતુ મધ્ય પૂર્વના સંકટના કારણે ઊર્જા સુરક્ષા પર પડનારી સંભવિત અસરને ખાળવાનો છે. ભારત પોતાની તેલ અને ગેસની જરૂરિયાતો માટે મોટાભાગે મધ્ય પૂર્વ પર નિર્ભર છે, તેથી જો યુદ્ધ લાંબુ ખેંચાય તો મોંઘી ઓઈલ અને ઊર્જાની કિંમતો ભારતની અર્થવ્યવસ્થાને અસર કરી શકે છે.

ફ્રાન્સમાં વિદેશ સચિવ ભારત-ફ્રાન્સ વિદેશ કાર્યાલય પરામર્શની સહ-અધ્યક્ષતા કરશે. જેમાં ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોનના વિઝન મુજબ સંરક્ષણ, પરમાણુ ઊર્જા, અંતરિક્ષ, સાયબર સુરક્ષા અને ટૅક્નોલૉજી જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર ભાર મૂકવામાં આવશે. ત્યારબાદ જર્મનીમાં પણ વેપાર, રોકાણ, સંરક્ષણ અને ગ્રીન એનર્જી જેવા વિષયો પર ગહન ચર્ચા થશે. તાજેતરમાં જ જર્મન ચાન્સેલર અને ફ્રાન્સના પ્રમુખે ભારતની મુલાકાત લીધી હતી, જેના પગલે આ પ્રવાસ દ્વિપક્ષીય સંબંધોને વધુ ગાઢ બનાવવાની ઉત્તમ તક પૂરી પાડશે.

ભારત માટે આ મિશન અત્યંત મહત્ત્વનું છે કારણ કે તેનાથી દેશની ઊર્જા જરૂરિયાતો સુરક્ષિત થશે અને નવા સંરક્ષણ કરારો તેમજ ટેકનિકલ ભાગીદારીને વેગ મળશે.

વિદેશ મંત્રી જયશંકરનો UAE પ્રવાસ અને વિદેશ સચિવનો યુરોપ પ્રવાસ એ સ્પષ્ટ કરે છે કે ભારત વૈશ્વિક સ્તરે ઉભી થયેલી અસ્થિરતા વચ્ચે પણ પોતાના રાષ્ટ્રીય હિતો અને આર્થિક સુરક્ષાને પ્રાથમિકતા આપી રહ્યું છે.

## મોહન ભાગવતની સાથે રણવીર સિંહે કરી મુલાકાત

(સંપૂર્ણ સમાચાર સેવા)નાગપુર

બોલિવૂડ અભિનેતા રણવીર સિંહ હાલમાં પોતાની સુપરહિટ ફિલ્મ ધુરંધર: ધ રિવેન્જની ભવ્ય સફળતાને લઈને ચર્ચામાં છે. આ દરમિયાન રણવીર સિંહ તાજેતરમાં નાગપુરની મુલાકાતે પહોંચ્યો હતો, જ્યાં તેણે આરએસએસ(RSS) મુખ્યાલયની મુલાકાત લીધી હતી. સફેદ કુર્તા-પાયજામામાં અત્યંત સાદગીપૂર્ણ લુકમાં દેખાયેલા રણવીરે સૌ પ્રથમ સંઘના સ્થાપક ડો. કેશવ બલિરામ હેડગેવારના સ્મૃતિ સ્થળ અને ગોલવલકર સ્મૃતિ સ્થળ પર જઈને શ્રદ્ધાંજલિ અર્પી હતી. ત્યારબાદ તેણે સંઘ પ્રમુખ મોહન ભાગવત સાથે ખાસ મુલાકાત કરી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રણવીર સિંહ અને મોહન ભાગવત વચ્ચેની આ બેઠક લગભગ ૪ કલાક સુધી ચાલી હતી. અભિનેતા સાંજે ૪ વાગ્યે નાગપુર સ્થિત સંઘના હેડક્વાર્ટર પહોંચ્યો હતો અને રાત્રે ૮ વાગ્યાની આસપાસ મુંબઈ જવા રવાના થયો હતો. જોકે, બંને વચ્ચે કયા વિષયો પર ચર્ચા થઈ તે સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે ધુરંધર: ધ રિવેન્જ ફિલ્મની સફળતા અને સંઘની કામગીરી અંગે વિસ્તૃત વાતચીત થઈ હતી. સોશિયલ મીડિયા પર આ મુલાકાતની તસવીરો પણ ખૂબ વાઈરલ થઈ રહી છે.

## નાસિકની IT કંપનીમાં 'કોર્પોરેટ જેહાદ': ધર્મ પરિવર્તન અને શોષણ: સાત લોકોની ધરપકડ કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નાસિક

મહારાષ્ટ્રના નાસિકની એક મલ્ટિનેશનલ આઈટી કંપનીમાં હિન્દુ મહિલા કર્મચારીઓનું જાતીય શોષણ, ઓફિસમાં બળજબરીથી નમાજ પઢાવવા, હિન્દુ દેવી-દેવતાઓનું અપમાન અને ધર્મ પરિવર્તન માટે દબાણ કરવાનો ચોંકાવનારો મામલો પ્રકાશમાં આવ્યો છે. 'કોર્પોરેટ જેહાદ'ના આ કિસ્સામાં પોલીસે કંપનીના મુસ્લિમ ટીમ લીડર્સ અને એચઆર મેનેજર સહિત ૭ લોકોની ધરપકડ કરી છે.કેટલીક મહિલા કર્મચારીઓની જીવનશૈલી અને પહેરવેશમાં અચાનક મોટો બદલાવ જોવા મળતા આ ઘટના પ્રકાશમાં આવી હતી. આ મહિલાઓએ રમઝાનમાં રોજા રાખવાનું શરૂ કર્યું હતું, લિપસ્ટિક લગાવવાનું બંધ કરી દીધું હતું અને પોતાની વર્ષો જૂની પરંપરાઓ ત્યાગીને સહેલીઓથી અંતર બનાવી લીધું હતું. શરૂઆતમાં ડરના માર્યા ચૂપ રહેલી ૯ યુવતીઓ અને એક યુવકે હિંમત દાખવી પોલીસ ફરિયાદ નોંધાવતા સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો.મહારાષ્ટ્ર સરકારે આ મામલાની ગંભીરતા જોઈને સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ની રચના કરી છે. શુક્રવારે હિન્દુ સંગઠનોએ કંપનીના કેમ્પસમાં વિરોધ પ્રદર્શન પણ કર્યું હતું. પીડિત મહિલાઓનો આક્ષેપ છે કે છેલ્લા ચાર વર્ષથી તેઓ એચઆર મેનેજરને ફરિયાદ કરતી હતી, પરંતુ દરેક વખતે તેને અવગણવામાં આવતી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આઠ મહિલાઓ અને એક પુરુષ કર્મચારીને મુસ્લિમ ધર્મ અપનાવવા મજબૂર કરવામાં આવ્યા હતા. તેઓને ઓફિસમાં બળજબરીથી નમાજ પઢાવવી, ગાયનું માંસ ખવડાવવું અને તેમના ધાર્મિક પ્રતીકોનું અપમાન કરવા જેવી ગંભીર બાબતો સામે આવી છે. ધરપકડ કરાયેલા આરોપીઓમાં ટીમ લીડર આસિફ અંસારી, શફી શેખ, શાહરૂખ કુરેશી, રઝા મેમણ, તૌસીફ અત્તાર, દાનિશ શેખ અને એચઆર મેનેજર અશ્વિની છનાનીનો સમાવેશ થાય છે.તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીઓ હોદ્દાનો દુરુપયોગ કરી યુવતીઓને પ્રમોશનની લાલચ આપતા હતા. ત્યારબાદ 'વીકેન્ડ ટ્રિપ'ના નામે રિસોર્ટ કે વોટર પાર્ક લઈ જઈ તેમની સાથે અશ્લીલ હરકતો કરી દબાણ બનાવવામાં આવતું હતું. જો કોઈ યુવતી રજા પર હોય, તો આરોપીઓ તેના ઘરે પહોંચી જવાની ધમકી પણ આપતા હતા. પુરાવા મેળવવા માટે મહિલા પોલીસકર્મીઓએ વેશ પલટો કરીને કંપનીમાં કામ કર્યું હતું. તેમણે ૪૦ જેટલા સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા, જેમાં આરોપીઓ દ્વારા યુવતીઓની છેડતી અને અયોગ્ય સ્પર્શના પુરાવા મળ્યા છે. મહારાષ્ટ્ર સરકારના મંત્રી નિતેશ રાણેએ આને 'કોર્પોરેટ જેહાદ' ગણાવી છે અને આ પાછળના માસ્ટરમાઈન્ડ અને ફન્ડિંગની તપાસ કરવાની ખાતરી આપી છે. પીડિત યુવતીઓએ જણાવ્યું કે, કંપનીમાં કામના બદલે તેમના ધર્મ અને વિચારધારા પર વધુ દબાણ કરવામાં આવતું હતું.

## 'હોર્મુઝ કોઈ પણ કિંમતે બંધ નહીં થવા દઈએ' :ડોનાલ્ડ ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવનો અંત લાવવા માટે શનિવારે પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં એક ઐતિહાસિક બેઠક યોજાવા જઈ રહી છે. જોકે, આ બેઠક પૂર્વે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અત્યંત કડક વલણ અપનાવી ઈરાનને ગંભીર ચેતવણી આપી છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે 'વ્યાપારિક દ્રષ્ટિએ અતિ મહત્વના એવા 'હોર્મુઝ સ્ટ્રેટ'ને કોઈપણ કિંમતે બંધ થવા દેવામાં આવશે નહીં.'અહેવાલો અનુસાર, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ દરિયાઈ માર્ગની સુરક્ષા અંગે અમેરિકાની મક્કમતા વ્યક્ત કરતા કહ્યું કે, 'હોર્મુઝ સ્ટ્રેટ એક આંતરરાષ્ટ્રીય જળમાર્ગ છે અને ત્યાં કોઈને પણ મનસ્વી રીતે કામ કરવાની મંજૂરી અપાશે નહીં. ઈરાન આ માર્ગ પરથી પસાર થતા જહાજો પર કોઈ પણ પ્રકારનો કર કે ટોલ વસૂલવાનો પ્રયાસ ન કરે, અમેરિકા મુક્ત નેવિગેશન સુનિશ્ચિત કરવા સંપૂર્ણ સજ્જ છે.'

ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઈરાન લશ્કરી રીતે યુદ્ધ હારી ગયું છે, અને હવે અમારો ધ્યેય આ માર્ગને સંપૂર્ણપણે ખુલ્લો રાખવાનો છે.પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે આ મેગા સંવાદનું મહત્ત્વ વિશ્વ સમક્ષ રજૂ કર્યું હતું. તેના મતે, આ વાતચીત કાયમી યુદ્ધવિરામ માટેની છેલ્લી અને સૌથી મોટી તક છે. સમગ્ર મિડલ ઈસ્ટમાં શાંતિ આ બેઠકના પરિણામ પર નિર્ભર છે. પાકિસ્તાન આ મહત્ત્વપૂર્ણ વાટાઘાટોનું યજમાન બનીને તણાવનો કાયમી ઉકેલ શોધવા પ્રયાસ કરી રહ્યું છે.જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે શું આ છેલ્લી બેઠક હશે, ત્યારે તેમણે સસ્પેન્સ જાળવી રાખ્યું હતું.

### સોશિયલ મીડિયામાં વાઈરલ થયો સંસદનો વીડિયો

## વડાપ્રધાન મોદી અને રાહુલ ગાંધી વચ્ચે જામી ગૂફતગૂ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સંસદ ભવન અને ચૂંટણી રેલીઓમાં એકબીજા પર આકરા પ્રહારો કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર અત્યારે ભારે વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો ૧૧ એપ્રિલનો છે, જ્યારે પીએમ મોદી મહાન સમાજ સુધારક મહાત્મા જ્યોતિબા ફૂલેની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ કરવા સંસદ પરિસરમાં પહોંચ્યા હતા. વીડિયોમાં જોઈ શકાય છે કે સંસદ ભવન સંકુલમાં આવેલા પ્રેરણા સ્થળ પર લોકસભા સ્પીકર ઓમ બિરલા, રાહુલ ગાંધી, કેન્દ્રીય મંત્રી અર્જુન રામ મેઘવાલ અને હરિવંશ હાજર હતા. વડાપ્રધાન જ્યારે ત્યાં પહોંચ્યા ત્યારે તેમણે એક પછી એક તમામ મહાનુભાવો સાથે મુલાકાત કરી



હતી. જોકે, જ્યારે તેઓ રાહુલ ગાંધી પાસે પહોંચ્યા ત્યારે થોડી સેકન્ડો માટે ત્યાં રોકાઈ ગયા હતા. બંને નેતાઓ વચ્ચે કોઈ ગંભીર મુદ્દે ટૂંકી ચર્ચા થતી પણ વીડિયોમાં જોવા મળી રહી છે. રાજકીય પ્રતિસ્પર્ધી હોવા છતાં બંને વચ્ચેની આ સૌજન્ય મુલાકાતે સૌનું ધ્યાન ખેંચ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સમાજ સુધારક જ્યોતિરાવ ફૂલેની જન્મજયંતી પર તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરતા લખ્યું કે, મહાન સમાજ સુધારક મહાત્મા ફૂલેની ૨૦૦મી જન્મજયંતીના વર્ષની ઉજવણીનો આજથી પ્રારંભ થઈ રહ્યો છે. તેમનું સમગ્ર જીવન સમાનતા, ન્યાય અને શિક્ષણના આદર્શો માટે સમર્પિત હતું. પીએમ મોદીએ વધુમાં જણાવ્યું કે ફૂલે મહિલાઓ અને સમાજના વંચિત વર્ગોના અધિકારો માટે લડત આપવામાં અગ્રેસર હતા. તેમના પ્રયાસોને કારણે જ શિક્ષણ સશક્તિકરણનું એક શક્તિશાળી માધ્યમ બન્યું છે. વડાપ્રધાને આશા વ્યક્ત કરી હતી કે, ફૂલેના વિચારો સામાજિક પ્રગતિની દિશામાં હંમેશા સૌનું માર્ગદર્શન કરતા રહેશે. ૧૧ એપ્રિલ ૧૮૨૭ના રોજ જન્મેલા મહાત્મા ફૂલેના માનમાં સંસદમાં આ વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ભારત સરકારે ડીઝલ અને ATF પર એક્સપોર્ટ ડ્યુટીમાં કર્યો મોટો વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકાર દ્વારા સ્થાનિક બજારમાં ઈંધણની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા અને વૈશ્વિક બજારની સ્થિતિને ધ્યાનમાં રાખીને નિકાસ વેરામાં મહત્ત્વના ફેરફારો કરવામાં આવ્યા છે. ૧૧ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ બહાર પાડવામાં આવેલા સત્તાવાર ગેઝેટ નોટિફિકેશન મુજબ, ડીઝલ અને એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) પરના વેરામાં મોટો વધારો ઝીંકવામાં આવ્યો છે.

● ડીઝલ પર એક્સપોર્ટ ડ્યુટી: સરકાર દ્વારા ડીઝલ પરની નિકાસ જકાત ૨૧.૫ પ્રતિ લિટરથી વધારીને ૫૫.૫ પ્રતિ લિટર કરી દેવામાં આવી છે. આ એક મોટો વધારો માનવામાં આવી રહ્યો છે.● ATF (વિમાન ઈંધણ) પર એક્સપોર્ટ ડ્યુટી: વિમાનમાં વપરાતા ઈંધણ એટલે કે ATF પરનો વેરો ૨૯.૫ પ્રતિ લિટરથી વધારીને ૪૨ પ્રતિ લિટર કરવામાં આવ્યો છે.

● પેટ્રોલ પર રાહત: પેટ્રોલની નિકાસ પરના વેરામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી, તે અગાઉની જેમ જ 'શૂન્ય' રાખવામાં આવ્યો છે.

આ નવા દરો તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવ્યા છે. સરકારના આ પગલાથી આંતરરાષ્ટ્રીય બજારમાં ઈંધણની નિકાસ કરતા રિફાઈનર્સ પર અસર પડી શકે છે, પરંતુ તેનાથી સ્થાનિક બજારમાં ઈંધણનો પુરવઠો જાળવી રાખવામાં મદદ મળશે.

## કેદારનાથ યાત્રા પર જનાર માટે હેલિકોપ્ટર બુકિંગ શરૂ

(સંપૂર્ણ સમાચાર સેવા)દેહરાદુન

વર્ષ ૨૦૨૬માં ચારધામ યાત્રાનો પ્રારંભ ૧૯ એપ્રિલથી થઈ રહ્યો છે, જ્યારે બાબા કેદારનાથના કપાટ શ્રદ્ધાળુઓ માટે ૨૨ એપ્રિલના રોજ ખોલવામાં આવશે. આ યાત્રા શરૂ થાય તે પહેલા જ આજથી એટલે કે ૧૧ એપ્રિલ, શનિવારના રોજ સાંજે ૬ વાગ્યાથી કેદારનાથ હેલિકોપ્ટર સર્વિસ માટેનું બુકિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. જે શ્રદ્ધાળુઓ હેલિકોપ્ટર દ્વારા કેદારનાથના દર્શન કરવા માંગતા હોય, તેઓ ઓનલાઈન માધ્યમથી પોતાની ટિકિટ બુક કરાવી શકશે. ટિકિટ બુકિંગમાં પારદર્શિતા જળવાય અને છેતરપિંડી અટકે તે માટે વહીવટીતંત્ર દ્વારા માત્ર IRCTCની સત્તાવાર વેબસાઈટ heliyatra.irctc.co.in પર જ બુકિંગની સુવિધા આપવામાં આવી છે. શ્રદ્ધાળુઓએ અન્ય કોઈ વેબસાઈટ કે એજન્ટ દ્વારા ટિકિટ બુક ન કરવા વિનંતી કરવામાં આવી છે. બુકિંગ કરવા માટે યુઝરે પોતાના મોબાઈલ નંબર અને OTP દ્વારા લોગઈન કરવાનું રહેશે. ત્યારબાદ યાત્રાની તારીખ, હેલીપેડ અને સમયનો સ્લોટ પસંદ કરી, યાત્રીઓનું નામ, ઉંમર અને આધાર કાર્ડ નંબર જેવી વિગતો ભરીને ઓનલાઈન પેમેન્ટ કરવાનું રહેશે. ખાસ નોંધનીય છે કે, આ માટે ઉત્તરાખંડ પર્યટન પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવવું પણ ફરજિયાત છે. કેદારનાથ માટે હેલિકોપ્ટર સેવા ત્રણ મુખ્ય સ્થળોએથી સંચાલિત થાય છે, જેમાં આવવા-જવા બંનેનું ભાડું નીચે મુજબ છે:

ગુપ્તકાશીથી કેદારનાથ: અંદાજે ૧૨,૭૬૨ રૂપિયા

ફાટાથી કેદારનાથ: અંદાજે ૧૦,૧૬૪ રૂપિયા

સિરસીથી કેદારનાથ: અંદાજે ૬,૩૯૦ રૂપિયા

શ્રદ્ધાળુઓ પોતાની અનુકૂળતા મુજબ આ સ્થળો પરથી હેલિકોપ્ટર સેવાનો લાભ લઈ બાબા કેદારના દર્શન કરી શકશે. આ યાત્રા ભારત માટે ધાર્મિક દ્રષ્ટિએ અત્યંત મહત્ત્વ ધરાવે છે અને ડિજિટલ બુકિંગને કારણે યાત્રીઓ માટે આ પ્રક્રિયા વધુ સરળ બની છે.




# તંત્રી લેખ......

## યુદ્ધનો અંત લાવવો સહેલો નથી

૧૯૯૧ ના ગલ્ફ યુદ્ધમાં યુએસ દળોએ પ્રવેશ કર્યો ત્યારે વિયેતનામ યુદ્ધના અપમાનમાંથી શીખીને, તેઓએ જમીન, હવાઈ અને નૌકાદળ દળો વચ્ચે અભૂતપૂર્વ સંકલન દર્શાવ્યું, જેના કારણે થોડા દિવસોમાં નિર્ણાયક પરિણામ આવ્યું. ઓપરેશન ડેઝર્ટ સ્ટોર્મને અમેરિકાની સૌથી મોટી લશ્કરી સફળતાઓમાંની એક માનવામાં આવે છે.જોકે, થોડા વર્ષો પછી, અફઘાનિસ્તાનમાં અમેરિકાની આતંકવાદ વિરોધી ઝુંબેશ એટલી લાંબી થઈ ગઈ કે તેને "અંતહીન યુદ્ધ" તરીકે ઓળખવામાં આવ્યું. અમેરિકન સૈન્ય દ્વારા સૌથી લાંબી માનવામાં આવતી આ ઝુંબેશને પણ ઈચ્છિત સફળતા મળી ન હતી, કારણ કે તાલિબાને અફઘાનિસ્તાનમાં ફરીથી સત્તા મેળવી હતી. તેવી જ રીતે, રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યું હતું અને ધારણા કરી હતી કે તે થોડા દિવસોમાં શરણાગતિ સ્વીકારશે, પરંતુ લડાઈ આજે પણ ચાલુ છે. ઓક્ટોબર ૨૦૨૩ માં હમાસના હુમલા બાદ જ્યારે ઈઝરાયલે ગાઝા પર હુમલો કર્યો, ત્યારે એવું માનવામાં આવતું હતું કે લડાઈ ટૂંક સમયમાં સમાપ્ત થઈ જશે, પરંતુ સંઘર્ષ લેબનોન, સીરિયા અને યમન સુધી વિસ્તર્યો. જોકે જાન્યુઆરીમાં ત્યાં યુદ્ધવિરામ થયો હતો, ત્યાં ભયંકર માનવતાવાદી કટોકટીને અવગણી શકાય નહીં.

ઈરાન યુદ્ધનું ઉદાહરણ લઈએ તો, તે એવી માન્યતા સાથે પણ શરૂ થયું હશે કે તેનું પરિણામ ટૂંક સમયમાં જાણી શકાશે. પ્રારંભિક તબક્કે સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ ખામેનીની હત્યા એ માન્યતા સાથે સુસંગત હતી કે આ શાસન પરિવર્તનને સરળ બનાવશે. જો કે, ખામેનીના મૃત્યુએ શાસન પરિવર્તન તરફ દોરી જવાને બદલે, ફક્ત ઈરાનીઓને વધુ એકતામાં લાવ્યા. શાસન પર અગાઉ જે દબાણ હતું તે ઓસરી ગયું. ત્યારબાદ યુદ્ધ લાંબા તબક્કામાં પ્રવેશ્યું, અને સમગ્ર વિશ્વ તેની ગરમી અનુભવવા લાગ્યું. ઐતિહાસિક રીતે, યુરોપિયન લશ્કરી નેતૃત્વએ ૧૯૧૪ ના ઉનાળામાં યુદ્ધ શરૂ કર્યું, એવી આશામાં કે તે ક્રિસમસ સુધીમાં સમાપ્ત થઈ જશે, પરંતુ વિપરીત થયું, અને યુદ્ધ નવેમ્બર ૧૯૧૮ સુધી ચાલુ રહ્યું.

જર્મનીએ, બ્લિટ્ઝક્રેગનો ઉપયોગ કર્યો - એક વીજળી-ઝડપી વ્યૂહરચના જેમાં સશસ્ત્ર દળો અને હવાઈ દળોનો ઘાતક ઉપયોગ શામેલ હતો - ૧૯૪૦ માં પશ્ચિમ યુરોપનો મોટો ભાગ કબજે કર્યો, પરંતુ આ પ્રારંભિક સફળતા પણ આખરે વિજય મેળવવામાં નિષ્ફળ ગઈ. જર્મનીએ ૧૯૪૧ માં સોવિયેત યુનિયન સાથે વિનાશક અને અનંત યુદ્ધમાં ભાગલા પાડ્યા, જેના કારણે બંને પક્ષોને ભારે નુકસાન થયું, છતાં આખરે જર્મનીનું વિભાજન થયું. બન્ને વિશ્વયુદ્ધોમાં, વિજયની ચાવી વાસ્તવિક લશ્કરી શક્તિ કરતાં ધીરજ અને લાંબા સંઘર્ષને સહન કરવાની ક્ષમતામાં વધુ રહેલી છે. તેવી જ રીતે, કોરિયન યુદ્ધ ત્રણ વર્ષથી વધુ ચાલ્યું, અને અમેરિકન સૈનિકો એક દાયકાથી વધુ સમય સુધી વિયેતનામમાં તૈનાત રહ્યા. જો કે, આનો અર્થ એ નથી કે આધુનિક સશસ્ત્ર સંઘર્ષો ઝડપથી ઉકેલી શકાતા નથી.જૂન ૧૯૬૭માં, ઈઝરાયલે એક અઠવાડિયામાં આરબ દેશોના ગઠબંધનને હરાવ્યું. ૧૯૭૧ના બાંગ્લાદેશના સ્વતંત્રતા યુદ્ધમાં, ભારતે માત્ર ૧૩ દિવસની લડાઈમાં પાકિસ્તાનને ઘૂંટણિયે પાડી દીધું. ગયા વર્ષે, ઓપરેશન સિંદૂરમાં આશરે ૮૮ કલાકના તીવ્ર ભારતીય કાર્યવાહી પછી પાકિસ્તાને યુદ્ધવિરામની વિનંતી કરવાનું શરૂ કર્યું. ઝડપી અને અચાનક હુમલાઓમાંથી જીત મેળવવી હંમેશા લશ્કરી વ્યૂહરચનાનો મુખ્ય પાસું રહ્યો છે, પરંતુ ઈતિહાસ સાક્ષી છે કે આ આત્મવિશ્વાસ સાથે યુદ્ધના મેદાનમાં પ્રવેશેલી સેનાઓને પણ સમજાયું કે જરૂરી સમયમાં સંતોષકારક પરિણામો સાથે યુદ્ધ પૂર્ણ કરવું કેટલું મુશ્કેલ છે.ટૂંકા યુદ્ધની વ્યૂહરચના મુખ્યત્વે અચાનક હુમલો કરીને વિરોધીને આશ્ચર્યચકિત કરવા પર આધાર રાખે છે. તે સંપૂર્ણ બળના હુમલાઓ પર ભાર મૂકે છે જે દુશ્મનને સ્વસ્થ થવા અને નિર્ણાયક લાભ મેળવવા માટે કોઈ જગ્યા છોડતા નથી. એ પણ યાદ રાખવું જોઈએ કે ટૂંકા યુદ્ધો તે સમયે ઉપલબ્ધ સંસાધનો સાથે લડવામાં આવે છે, પરંતુ લાંબા યુદ્ધો માટે ક્ષમતાઓના વિકાસની જરૂર હોય છે જે સતત બદલાતી યુદ્ધ પરિસ્થિતિઓને અનુરૂપ થઈ શકે.

# મહેસાણા ભાજપ કાર્યાલયમાં ૨૮ વરસથી કાર્યકરોને ચા પીવડાવતા પટાવાળા તરીકે ફરજ બજાવતા રમેશભાઈને ભાજપે ટીકીટ આપી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

રાજકારણમાં સામાન્ય રીતે એવુ જોવા મળતુ હોય છે કે ટીકીટ મેળવવા માટે મોટા નેતાઓ અને વગદાર લોકો વચ્ચે ખેંચતાણ ચાલતી હોય છે, પરંતુ ભારતીય જનતા પાર્ટી ગણીવાર એવા ચોંકાવનારા નિર્ણયો લેતી હોય છે, જે પાયાના અને નાના કાર્યકરોમાં નવો ઉત્સાહ પુરો પાડે છે. આવો જ એક હૃદયસ્પર્શી અને પ્રેરણાદાયક કિસ્સો મહેસાણામાં બનવા પામ્યો છે.

મહેસાણા ભાજપ કાર્યાલયમાં છેલ્લા ૨૮ વરસથી પટાવાળા તરીકે ફરજ બજાવતા રમેશભાઈ પોપટલાલ ભીલ ને પાર્ટીએ કોર્પોરેટર પદના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે, મહેસાણામાં ભાજપ જિલ્લા કાર્યાલયમાં છેલ્લા ૨૮ વરસથી રમેશભાઈ ભીલ ચા પીવડાવવા અને ઓફીસની દેખરેખનુ કામ કરે છે, પરંતુ આ વખત ચુંટણીની યાદીએ બધાને આશ્ચર્યચકીત કરી દીધા છે. કારણ કે ભાજપે પોતાની સમર્પણ નિતિને પુનરાવર્તીત કરતા રમેશ ભીલ ને વોર્ડ નં. ૧૩ માટે તેના સત્તાવાર ઉમેદવાર તરીકે જાહેર કર્યા હતા. રમેશભાઈ ભીલ માત્ર એક કર્મચારી નથી, તેઓ એક અનુભવી પક્ષના સૈનિક છે, જેમણે વરસોથી કોઈપણ પ્રકારના વ્યકિતગત લાભની અપેક્ષા રાખ્યા વિના સંગઠનની સેવા કરી છે. હવે પક્ષે તેમની મહેનત અને નિષ્ઠાનુ ફળ તેમને ચુંટણી ટીકીટ




આપીને આપ્યુ છે. નોંધનીય છે કે માત્ર રમેશ ભીલ જ નહી , મહેસાણા ભાજપે અન્ય સંગઠનાત્મક ચહેરાઓ પર પણ વિશ્વાસ મુકયો છે, પક્ષે જિલ્લા ભાજપ કાર્યાલય સચિવ જયેશ પ્રજાપતિના પત્ની નયના પ્રજાપતિને પણ ચુંટણી મેદાનમાં ઉતાર્યા છે. પક્ષના આ નિર્ણયથી પક્ષના કાર્યકરોમા ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. જયાં એક તરફ વરીષ્ઠ નેતાઓ વચ્ચે ખેંચતાણ જોવા મળે છે ત્યારે એક ચા પીવડાવનાર ને ટીકીટ આપવામાં આવતા આ મામલાની ખુબ ચર્ચા થઈ રહી છે. હવે એ જોવાનુ બાકી છે કે જનતા આ સમર્પિત સેવકને મ્યુનિસીપલ કોર્પોરેશનની બેઠક માટે ચુંટશે કે નહી, હાલ માટે ભાજપે આ ચા પીવડાવનાર કર્મચારીની જીત સુનિશ્ચિત કરવા પાછળ પોતાની સંપૂર્ણ તાકાત લગાવી દીધી છે. પક્ષના વરીષ્ઠ નેતાઓ રમેશ ભીલના સમર્થનમાં પ્રચાર કરી રહ્યા છે. મીડીયા સાથેની વાતચીતમાં રમેશ ભીલે પોતાની જુની યાદો વાગોળી હતી. તેમણે જણાવ્યુ હતુ કે જયારે તેઓ પાર્ટી કાર્યાલયમાં જોડાયા ત્યારે તે ખુબ જ નાનુ કાર્યાલય હતુ, તેમણે માત્ર ૫૦૦ રૂપીયાના માસિક પગાર થી પટાવાળા તરીકે નોકરીની શરૂઆત કરી હતી, આજે સમય જતા તેમનો પગાર ૧૦ હજાર રૂપીયા સુધી પહોચ્યો છે. પગાર ભલે ઓછો હોય , પરંતુ તેમણે કયારેય પણ પૈસા સામે જોયા વિના પુરી નિષ્ઠા અને ઈમાનદારીથી પાર્ટીની સેવા કરી છે. આ ૨૮ વરસના લાંબા ગાળામાં તેમણે કાર્યાલયમાં આવતા તમામ નાના મોટા નેતાઓ અને કાર્યકર્તાઓ સાથે આત્મીયતાથી કામ કર્યુ છે. અને કયારેય કોઈ સાથે મનદુ:ખ કે અણબનાવ થવા દીધો નથી, પોતાને કોર્પોરેટરની ટીકીટ મળવા બદલ રમેશભાઈએ અત્યંત ખુશી અને કૃતજ્ઞતા વ્યકત કરી હતી. તેમણે પ્રદેશ મોવડી મંડળથી લઈને સ્થાનિક નેતાઓ નો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

### તાકીદના પગલાં માટેની જોગવાઈઓ શું છે ?

# AI જનરેટેડ ડીપ ફેક કન્ટેન્ટ ન હટાવનાર સામે પગલાંની શું જોગવાઈ છે?: હાઈકોર્ટ

### હાઈકોર્ટના અગાઉના આદેશ મુજબ રાજ્ય સરકારે કેટલાક સૂચનો રજૂ કર્યા હતા અને કેન્દ્ર સરકાર તરફથી સોગંદનામું કરવામાં આવ્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

AI જનરેટેડ ડીપ ફેક વીડિયો અને ફોટાના દુરુપયોગ રોકવા હાઈકોર્ટમાં જાહેરહિતની અરજીની સુનાવણી શુક્રવારે હાઈકોર્ટમાં થઈ હતી. જેમાં ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન. રેની ખંડપીઠે સરકારને એવો સવાલ કર્યો હતો કે સૂચના આપવા છતાંય AI અને ડીપ ફેક કન્ટેન્ટ ન હટાવનાર સામે પગલાં લેવાની શું જોગવાઈ છે? બીજી તરફ હાઈકોર્ટના અગાઉના આદેશ મુજબ રાજ્ય સરકારે કેટલાક સૂચનો રજૂ કર્યા હતા અને કેન્દ્ર સરકાર તરફથી સોગંદનામું કરવામાં આવ્યું હતું. હવે આ મામલે હાઈકોર્ટ વચગાળાનો આદેશ પસાર કરી શકે છે. દેશમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) માટેની દુનિયાની સૌથી મોટી સમિટ ભારતમાં યોજાઈ છે. ત્યારે બીજી તરફ AI જનરેટેડ ફેક વીડિયો અને ફોટોગ્રાફ્સ સોશિયલ મીડિયામાં સર્ક્યુલેટ કરનારા તત્વોને કાનૂની સકંજામાં લેવા માટે હાઈકોર્ટમાં રિટ કરવામાં આવી છે. એડવોકેટ વિકાસ નાયરે અરજદાર તરીકે રિટ કરી છે અને એડવોકેટ અમિત પંચાલે તેમના વતી રજૂઆતો કરી છે. જેમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા છે કે બંધારણીય ઓથોરિટી અને અધિકારીઓને ટાર્ગેટ કરતાં ડીપ ફેક વીડિયોનો ટ્રેન્ડ ખતરનાક રીતે વધી રહ્યો છે. નકલી AI-જનરેટ વીડિયો અને ફોટોગ્રાફ્સ બનાવવા અને પ્રસારિત કરવા પણ રિટમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. આ મામલે કેન્દ્ર સરકાર તરફથી કહેવામાં આવ્યું હતું કે તેમણે એક પ્લેટફોર્મ બનાવ્યું છે, જ્યાં વિવિધ ઓનલાઈન પ્લેટફોર્મ પ્રોવાઈડર જોડાયેલા છે. તેમને વાંધાજનક AI જનરેટેડ કન્ટેન્ટ ઉતારવા માટે કહેવામાં આવે છે. ત્યારે હાઈકોર્ટે ટકોર કરી હતી કે ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા આવા વીડિયો કોઈ ઓથેન્ટિકેશન વગર મૂકી શકે નહીં. જો ઓથેન્ટિકેશનની વ્યવસ્થા ના હોય તો ઓનલાઈન પ્લેટફોર્મ ઉપર આવતી ફરિયાદો ધ્યાને લેવી જોઈએ.રાજ્ય સરકારે કહ્યું હતું કે જાન્યુઆરી 2026 માં ઓનલાઈન પ્લેટફોર્મ પ્રોવાઈડરને 107 કન્ટેન્ટ દૂર કરવા કહ્યું હતું તેમ છતાંય તે હજુ પણ પ્લેટફોર્મ ઉપર છે. વિદેશોમાંથી પણ ફરિયાદના ફોન આવે છે. લોકોની ઈમેજ ખરાબ થઈ રહી છે. ડીપ ફેક વીડિયોની ઓળખ અલગથી તારવવી પણ મુશ્કેલ છે. કેન્દ્રના ગૃહ વિભાગના જણાવ્યા મુજબ આ સંદર્ભના નિયમો ચાલુ વર્ષે જ બન્યા છે. જેમાં ફેક વીડિયો ઉતારવા પ્લેટફોર્મને સૂચનાઓ આપવામાં આવે છે. હાઈકોર્ટે ટકોર કરતાં પૂછ્યું હતું કે જો ઓનલાઈન પ્લેટફોર્મ પ્રોવાઈડર્સ સૂચનાનો અમલ ના કરે તો શું કરવામાં આવે છે. કેન્દ્ર સરકારે કહ્યું હતું કે નિર્દેશ આપ્યાના ત્રણ કલાકમાં કન્ટેન્ટ દૂર કરવું પડે. પહેલા આ સમય 36 કલાકનો હતો. કોર્ટે ફરી ટકોર કરી હતી કે જો તેઓ કન્ટેન્ટ ના હટાવે તો શું. સરકારી વકીલે કહ્યું હતું કે IT એક્ટ 66C, 66D અને 66E અંતર્ગત કાર્યવાહી કરવામાં આવે છે. જેથી હાઈકોર્ટે ટકોર કરી હતી કે આ જોગવાઈઓ બોગસ, બનાવટી કે ખોટું કન્ટેન્ટ અપલોડ કરવા સામેની છે, પરંતુ ઓનલાઈન પ્લેટફોર્મ્સ માટે શું. તંત્ર શું કાર્યવાહી કરી શકે, તમે પ્લેટફોર્મ્સને નિર્દેશ આપો પરંતુ તેઓ ન માને તો શું?. હાઈકોર્ટે એવું પણ પૂછ્યું હતું કે સૂચના આપ્યા બાદ ત્રણ કલાકનો સમય કન્ટેન્ટ ઉતારવા માટે વધુ કહેવાય. તરત થતું નુકસાન કઈ રીતે અટકાવી શકાય. તમે જાતે પ્લેટફોર્મ ઉપરથી કન્ટેન્ટ હટાવી શકો કે નહીં. તાકીદના પગલાં માટેની જોગવાઈઓ શું છે ?

### મુકુલ ચૌધરીને લઈને LSGના કોચની મોટી ભવિષ્યવાણી

# ‘ભારતનો સૌથી ખતરનાક બેટર બનાવી દઈશ’ : કોચ

### બાળપણથી જ મોટા શોટ રમવાનો અભ્યાસ કર્યો છે. હું દરરોજ ૧૦૦ થી ૧૫૦ છગ્ગા મારવાનો પ્રયાસ કરતો હતો : મુકુલ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

લખનઉ સુપર જાયન્ટ્સ(LSG)ના 21 વર્ષીય યુવા બેટર મુકુલ ચૌધરીએ IPL 2026માં કોલકાતા નાઈટ રાઈડર્સ(KKR) સામે જોરદાર ઈનિંગ્સ રમી હતી. જેમાં બેટરે 27 બોલમાં 54 રન કર્યા હતા. આ ઈનિંગ્સ પછી ક્રિકેટ ક્ષેત્રે મુકુલ ચૌધરી ચર્ચામાં છવાયા છે. આ દરમિયાન સોશિયલ મીડિયામાં પર એક વીડિયો ઘણો વાઈરલ થઈ રહ્યો છે. જેમાં IPL શરૂ થયાના પહેલા LSGના કોચ જસ્ટિન લેંગરે મુકુલને લઈને એક મોટી ભવિષ્યવાણી કરી હતી, જે સાચી સાબિત થતી જોવા મળી રહી છે.મુકુલ ચૌધરી વિશે લેંગરે પહેલાથી જ ભવિષ્યવાણી કરી હતી કે, ‘મુકુલને ભારતનો સૌથી ખતરનાક 6 કે 7 નંબરનો બેટર બનાવી દઈશ.’ KKR સામે મુકુલ ચૌધરીની શાનદાર ઈનિંગ્સ બાદ આ વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. LSGએ સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે. મુકુલ ચૌધરીની KKR સામેની ઈનિંગ્સ વિશે વાત કરીએ તો, ટીમ જ્યારે મુશ્કેલીમાં હતી ત્યારે મુકુલ બેટિંગ કરવા માટે ઉતર્યો હતો. આ સમયે ટીમે 7 વિકેટ ગુમાવી દીધી હતી અને જીતવા માટે 50થી વધુ રનની જરૂર હતી. જેમાં મુકુલે માત્ર 27 બોલમાં 54 રનની અણનમ ઈનિંગ્સ રમી હતી. ઈનિંગ્સ દરમિયાન મુકુલે 7 જોરદાર સિક્સર ફટકારી હતી. જેમાં KKRના ઝડપી બોલરો કાર્તિક ત્યાગી અને વૈભવ અરોરાને નિશાન બનાવીને મુકુલે મેદાનના દરેક ખૂણામાં શૉટ રમ્યા હતા અને તેનો 200નો સ્ટ્રાઈક રેટ જાળવી રાખ્યો હતો. મુકુલ ચૌધરીએ એક પ્રેસ કોન્ફરન્સમાં ઈનિંગ વિશે વાત કરતાં કહ્યું કે, ‘બાળપણથી જ મોટા શોટ રમવાનો અભ્યાસ કર્યો છે. હું દરરોજ 100 થી 150 છગ્ગા મારવાનો પ્રયાસ કરતો હતો. હું ધોનીને બેટિંગ કરતા જોતો હતો, એમાં પણ ખાસ કરીને જે રીતે તેઓ ઈનિંગ પૂરી કરતા હતા. તેઓ યોર્કર બોલ પર છગ્ગા પણ મારતા. ફિનિશર તરીકે હું પોતે પણ તે જ કરવાનો પ્રયાસ કરું છું.’

# નવસારી, ખેડા, કચ્છ, તાપી અને પાટણમાં અનેક બેઠકો પર ભાજપની બિનહરીફ જીત

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે હજુ મતદાનની પ્રક્રિયા બાકી છે, પરંતુ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીએ અત્યારથી જ પોતાની જીતના શ્રીગણેશ કરી દીધા છે. રાજ્યના નવસારી, ખેડા, કચ્છ, તાપી અને પાટણ એમ અલગ-અલગ વિસ્તારોમાં મતદાન પહેલા જ ભાજપના અનેક ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા છે. સામે અન્ય કોઈ પક્ષ કે અપક્ષ ઉમેદવારે ફોર્મ ન ભરતા આ તમામ બેઠકો પર ભાજપના ઉમેદવારોને સીધી જ લોટરી લાગી ગઈ છે. ચૂંટણી પહેલા જ આ પરિણામો આવી જતા કાર્યકરો અને ઉમેદવારોમાં અગાઉથી જ જશ્નનો માહોલ છવાઈ ગયો છે.

દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લામાં ભાજપે કમાલ જ કરી દીધી છે. અહીં મતદાન પહેલા જ પાર્ટીએ કુલ ૯ બેઠકો પોતાના નામે કરી લીધી છે, જેમાં જિલ્લા પંચાયતની ૩ અને ગણદેવી તાલુકા પંચાયતની ૬ બેઠકોનો સમાવેશ થાય છે. જિલ્લા પંચાયતની વાત કરીએ તો, બિગરી બેઠક પરથી ભીખુ પટેલ, ઘેજ બેઠક પરથી અમિતાબેન અને દેવસર બેઠક પરથી રેખા પટેલ બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. આ ઉપરાંત, ગણદેવી તાલુકા પંચાયતની બીગરી-૧, બીગરી-૨, દેવસર-૨, માસા, ભાઠા અને અજરાઈ એમ કુલ ૬ બેઠકો પર પણ ભાજપના ઉમેદવારો કોઈ પણ હરીફાઈ વગર સીધા જ જીતી ગયા છે.તાપી જિલ્લાના વ્યારામાં પણ વોર્ડ નંબર ૫ માં ભાજપનો જબરદસ્ત દબદબો જોવા મળ્યો છે. અહીં ભાજપની આખી પેનલ જ બિનહરીફ જાહેર થઈ છે. કોઈ વિરોધ ન હોવાથી ભાજપના ઉમેદવારો દિલીપ જાધવ, દ્રષ્ટિ અનમોલા, અનિલ સીરસાથ અને નિમિષા ચૌધરીનો સીધો વિજય થયો છે. મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં પણ ભાજપે મતદાન વગર જ પોતાનો વિજય વાવટો લહેરાવી દીધો છે.

ખેડા તાલુકા પંચાયતની પરસાતજ બેઠક પર ભાજપના ઉમેદવાર રાયસંગભાઈ ગોહિલ સામે કોઈએ ફોર્મ ન ભરતા તેઓ બિનહરીફ વિજેતા બન્યા છે અને સમર્થકો સાથે ભવ્ય ઉજવણી પણ શરૂ કરી દીધી છે. બીજી તરફ, પાટણ તાલુકા પંચાયતની ટુવડ સીટ પર પણ ભાજપ સિવાય એકપણ ઉમેદવારે ફોર્મ ન ભરતા ગાયત્રીબેનનો બિનહરીફ વિજય થયો છે. છેવાડાના જિલ્લા કચ્છમાં પણ કંઈક આવો જ નજારો છે. નખત્રાણા નગરપાલિકામાં ભાજપે મતદાન પહેલા જ ૨ સીટો કબ્જે કરી લીધી છે. નગરપાલિકાના વોર્ડ નંબર ૪ અને ૫ માં અન્ય કોઈ પક્ષમાંથી ઉમેદવારી ન નોંધાતા, ભાજપના ઉમેદવાર મનન લુહાર અને મધુબેન સુથારને બિનહરીફ જાહેર કરવામાં આવ્યા છે. મતદાન પહેલા જ મળેલા આ એકતરફી વિજયથી પક્ષના સ્થાનિક સંગઠનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શનીવાર, ૧૧/૦૪/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૨૯૫૦ | ૪૪૦.૦૦ | ૬૯૧.૦૦ |
| ૨ | મગફળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૫૦૦.૦૦ |
| ૩ | એરંડા | ૨૫૫ | ૧,૨૪૫.૦૦ | ૧,૨૬૭.૦૦ |
| ૪ | રાયડો | ૫ | ૧,૦૫૦.૦૦ | ૧,૧૯૮.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૪૦૦.૦૦ | ૪૪૦.૦૦ |
| ૬ | મકાઇ | ૪૩૩ | ૨૯૧.૦૦ | ૩૯૫.૦૦ |
| ૭ | ચણા | ૩૫ | ૧,૦૩૭.૦૦ | ૧,૦૬૫.૦૦ |
| ૮ | ચણા (કાબુલી ) | ૧૯૦ | ૧,૪૫૦.૦૦ | ૧,૭૦૦.૦૦ |
| ૯ | તમાકુ | ૪૯૬૫ | ૧,૩૫૦.૦૦ | ૨,૧૨૧.૦૦ |
| ૧૦ | તમાકુ (ગારીયુ) | ૧૩૯૬ | ૯૦૦.૦૦ | ૧,૨૧૧.૦૦ |

# અમદાવાદ-પાલનપુર ખંડ પર સાબરમતી ડી કેબિનખાતે નવા ’વાય-કનેક્ટિવિટી’ કાર્ય હેતુ ટ્રાફિક બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા, સુરક્ષા તથા સંચાલન કાર્યક્ષમતાને ધ્યાનમાં રાખીને અમદાવાદ–પાલનપુર ખંડ પર સાબરમતી ડીકેબિન ખાતે નવી ‘વાય-કનેક્ટિવિટી’ના કાર્ય માટે નોન-ઈન્ટરલોકિંગ કાર્યકરવામાં આવશે. આ કાર્ય તારીખ ૧૪ એપ્રિલ, ૨૦૨૬ (મંગળવાર) ના રોજસાબરમતી – ખોડિયાર ખંડ વચ્ચે કરવામાં આવશે. આ કાર્ય પૂર્ણ થતાં ટ્રેનોનીઅવરજવર વધુ સુગમ અને ઝડપી બનશે, માર્ગ ક્ષમતામાં વધારો થશે, સંચાલનમાં લચીલાપણું આવશે તથા સમયપાલનમાં સુધારો થશે, જેના કારણેમુસાફરોને વધુ સારી અને વિશ્વસનીય સેવા મળશે. આ કાર્યને કારણે નીચેનીટ્રેનો પ્રભાવિત રહેશે: રદ ટ્રેનો:

- ટ્રેન નંબર ૬૯૨૪૯ (સાબરમતી – કટોસણ રોડ) તારીખ ૧૩ અને ૧૪ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સંપૂર્ણપણે રદ રહેશે.
- ટ્રેન નંબર ૬૯૨૫૦ (કટોસણ રોડ – સાબરમતી) તારીખ ૧૪ અને ૧૫ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સંપૂર્ણપણે રદ રહેશે.
- ટ્રેન નંબર ૭૯૪૩૩ (સાબરમતી – પાટણ) તારીખ ૧૪ એપ્રિલ, ૨૦૨૬નારોજ સંપૂર્ણપણે રદ રહેશે.
- ટ્રેન નંબર ૭૯૪૩૪ (પાટણ – સાબરમતી) તારીખ ૧૪ એપ્રિલ, ૨૦૨૬નારોજ સંપૂર્ણપણે રદ રહેશે.
- ટ્રેન નંબર ૭૯૪૩૫ (સાબરમતી – પાટણ) તારીખ ૧૪ એપ્રિલ, ૨૦૨૬નારોજ સંપૂર્ણપણે રદ રહેશે.
- ટ્રેન નંબર ૭૯૪૩૬ (પાટણ – સાબરમતી) તારીખ ૧૪ એપ્રિલ, ૨૦૨૬નારોજ સંપૂર્ણપણે રદ રહેશે.
- ટ્રેન નંબર ૭૯૪૩૧ (સાબરમતી – મહેસાણા) તારીખ ૧૪ એપ્રિલ, ૨૦૨૬નારોજ સંપૂર્ણપણે રદ રહેશે.
- ટ્રેન નંબર ૭૯૪૩૨ (મહેસાણા – સાબરમતી) તારીખ ૧૪ એપ્રિલ, ૨૦૨૬નારોજ સંપૂર્ણપણે રદ રહેશે.

આંશિક રીતે રદ ટ્રેનો:

- ટ્રેન નંબર ૧૪૮૨૨ (સાબરમતી – જોધપુર) તારીખ ૧૪ એપ્રિલ, ૨૦૨૬નારોજ સાબરમતી – આબુરોડ વચ્ચે આંશિક રીતે રદ રહેશે
- ટ્રેન નંબર ૧૪૮૨૧ (જોધપુર – સાબરમતી) તારીખ ૧૩ એપ્રિલ, ૨૦૨૬ના રોજ આબુરોડ – સાબરમતી વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

ટર્મિનલ પરિવર્તન:


- ટ્રેન નંબર ૧૯૦૩૨ (યોગનગરી ઋષિકેશ – સાબરમતી યોગા એક્સપ્રેસ) તારીખ ૧૩ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સાબરમતી મ્ના બદલે સાબરમતીજંક્શન (જેલ સાઈડ (SBT)) સુધી શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે.

માર્ગ પરિવર્તન (Diversion):

- ટ્રેન નંબર ૨૨૪૯૭ (શ્રીગંગાનગર – તિરુચિરાપલ્લી હમસફર એક્સપ્રેસ) તારીખ ૧૩ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ પોતાના નિર્ધારિત માર્ગ ખોડિયાર – સાબરમતી ડી કેબિન – સાબરમતી BG – સાબરમતી એ કેબિનના બદલેબદલાયેલા માર્ગ ખોડિયાર – ચાંદલોડિયા બી કેબિન – સાબરમતી એકેબિન થઈને ચાલશે.
- ટ્રેન નંબર ૨૦૯૦૨ (ગાંધીનગર કેપિટલ – મુંબઈ સેન્ટ્રલ વંદે ભારતએક્સપ્રેસ) તારીખ ૧૪ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ પોતાના નિર્ધારિત માર્ગખોડિયાર – સાબરમતી ડી કેબિન – સાબરમતી BG – સાબરમતી એકેબિનના બદલે બદલાયેલા માર્ગ ખોડિયાર – ચાંદલોડિયા બી કેબિન –સાબરમતી એ કેબિન થઈને ચાલશે.
- ટ્રેન નંબર ૨૦૯૬૦ (વડનગર – વલસાડ ઈન્ટરસિટી) તારીખ ૧૪ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ પોતાના નિર્ધારિત માર્ગ ખોડિયાર – સાબરમતી ડી કેબિન– સાબરમતી BG – સાબરમતી એ કેબિનના બદલે બદલાયેલા માર્ગખોડિયાર – ચાંદલોડિયા બી કેબિન – સાબરમતી એ કેબિન થઈનેચાલશે.
- ટ્રેન નંબર ૨૦૯૫૯ (વલસાડ – વડનગર ઈન્ટરસિટી) તારીખ ૧૪ એપ્રિલ, ૨૦૨૬ના રોજ પોતાના નિર્ધારિત માર્ગ સાબરમતી એ કેબિન – સાબરમતીડી કેબિન – ખોડિયારના બદલે બદલાયેલા માર્ગ સાબરમતી એ કેબિન –ચાંદલોડિયા બી કેબિન – ખોડિયાર થઈને ચાલશે.
- ટ્રેન નંબર ૨૦૯૦૧ (મુંબઈ સેન્ટ્રલ – ગાંધીનગર કેપિટલ વંદે ભારતએક્સપ્રેસ) તારીખ ૧૪ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ પોતાના નિર્ધારિત માર્ગસાબરમતી એ કેબિન – સાબરમતી ડી કેબિન – ખોડિયારના બદલેબદલાયેલા માર્ગ સાબરમતી એ કેબિન – ચાંદલોડિયા બી કેબિન –ખોડિયાર થઈને ચાલશે.

ટ્રેનના સમય, સ્ટોપેજ અને અન્ય માહિતી માટે, www.enquiry.indianrail.gov.in નું અવલોકન કરો.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત
- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### જંગલને "ટેક્ષ" આપવાના વિશ્વમાં અનોખા અને નવતર પ્રયોગ સ્વરૂપે ૨૦૦ કિલો વનસ્પતિના બીજનો વ્યાપક છંટકાવ

# ઉત્તર ગુજરાત અરવલ્લી વન સંપદા અને પર્યાવરણ ગ્રુપ દ્વારા માઉન્ટ આબુ ખાતે પર્યાવરણ, પ્રકૃતિ અને વનસ્પતિ પરિચય શિબિરનું આયોજન કરવામાં આવ્યું

(પાલનપુર)

ડીસાના પ્રસિદ્ધ વૈદ્ય શ્રી જીતુભાઈ પટેલ તથા તેમના ૧૦ જેટલા પ્રકૃતિ પ્રેમી સાથીઓના સહયોગથી ઉત્તર ગુજરાત અરવલ્લી વનસંપદા અને પર્યાવરણ ગ્રુપ દ્વારા "ચાલો પર્વતોની અનમોલ સૃષ્ટિને ઓળખીએ" એવા પ્રેરક સૂત્રને સાર્થક કરતી બે દિવસીય પર્યાવરણ, પ્રકૃતિ અને વનસ્પતિ પરિચય શિબિર તાજેતરમાં માઉન્ટ આબુ ખાતે તા. ૪ અને ૫ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન યોજાઈ ગઈ હતી.





રાજ્યભરમાંથી વિવિધ વ્યવસાયો સાથે સંકળાયેલા આશરે ૭૦ જેટલા પ્રકૃતિપ્રેમીઓએ આ શિબિરમાં હોંશભેર ભાગ લીધો હતો.

અરવલ્લી પર્વતમાળાને ધ્યાનમાં રાખીને આ સ્થળને વિશેષ રીતે પસંદ કરવામાં આવ્યું હતું કારણ કે માઉન્ટ આબુ વિસ્તાર અનેક દુર્લભ તથા ઔષધીય વનસ્પતિઓથી સમૃદ્ધ વિસ્તાર છે. શિબિર દરમિયાન ભાગીદારોએ જંગલમાં પગપાળા ટ્રેકિંગ કરીને વિવિધ વનસ્પતિ, ઝાડ, પાન અને ઔષધીય જડીબુટ્ટીઓનો પરિચય મેળવ્યો હતો.

શિબિરના મુખ્ય આયોજક અને ગ્રુપના અગ્રણી શ્રી વૈદ્ય જીતુભાઈ પટેલે જણાવ્યું હતું કે, "પ્રકૃતિ એ આપણી રાષ્ટ્રીય સંપદા છે. તેનું જતન અને સંવર્ધન કરવું એ આપણી પ્રાથમિક ફરજ છે. જો અત્યારે આપણે આ સંપદાનું સંરક્ષણ નહીં કરીએ તો ભાવિ પેઢીને આપણે શું જવાબ આપીશું? આપણી ભાવિ પેઢી માટે આ સંપદાને જીવંત રાખવાનો પ્રયાસ કરવાનો છે. આપણા જંગલો, નદીઓ, વૃક્ષો અને તમામ વનસ્પતિ એ જ આપણી પ્રકૃતિ છે." શિબિરમાં સૌથી વિશેષ અને નવતર પ્રયોગ તરીકે જંગલને "ટેક્ષ" આપવાની અનોખી વિભાવના અમલમાં મૂકવામાં આવી હતી.

પ્રકૃતિ પ્રેમી શ્રી મુળુભાઈ ડોડીયા અને કિશોરભાઈ લુહાર તરફથી નિઃશુલ્ક મળેલ વિવિધ પ્રકારની વનસ્પતિના કુલ ૨૦૦ કિલો બીજને જંગલ પરિભ્રમણ દરમિયાન છંટકાવ કરવામાં આવ્યો હતો. દરેક પ્રકૃતિપ્રેમીને વિવિધ વનસ્પતિના બીજની થેલી આપવામાં આવી હતી અને ચાલતાં-ચાલતાં જ તેને જંગલને અર્પણ કરવામાં આવ્યા હતા.

આયોજકોએ જણાવ્યું કે, "જંગલ પાસેથી આપણે ઘણું બધું મેળવીએ છીએ, પરંતુ આપણે તેને પરત કશું આપતા જ નથી. આ પ્રયોગ દ્વારા અમે જંગલને પાછું આપવાનો પ્રયાસ કર્યો છે." આ બીજદાનના પરિણામે ચોમાસાના પાણીથી બીજ ઉગી નીકળશે, જેનાથી તૃણાહારી પશુઓ અને પક્ષીઓને જંગલમાં જ પુષ્કળ ખોરાક મળશે અને તેઓ ખોરાકની શોધમાં શહેરી વિસ્તારો તરફ નહીં આવે. વળી, આનાથી જંગલનો ભેજ જળવાઈ રહેશે અને જમીનનું ધોવાણ પણ અટકશે. આમ, બીજદાન થકી જંગલને વાસ્તવિક "ટેક્ષ" આપવામાં આવ્યો છે.

પર્યાવરણ ઋષિ તરીકે ઓળખાતા વયોવૃદ્ધ ( ૮૭ વર્ષીય) ઉત્તર ગુજરાતના નવીનભાઈ શાહ (નવીન કાકા) જેઓએ વનસ્પતિ તથા પર્યાવરણ જતન માટે આયખું પૂર્ણ સમર્પિત કરેલ છે તેઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને શિબિરાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ ઉપરાંત સેરેનીટી લાઈબ્રેરી અને બોટનિકલ ગાર્ડન અમદાવાદના વનસ્પતિશાસ્ત્ર અને ઔષધીય જ્ઞાનના વિશેષજ્ઞ (Taxonomist) ડો સંતોષ યાદવ દ્વારા જંગલમાં ઉગતી અનેક વનસ્પતિ, ઔષધીઓ તથા લુપ્તપ્રાય દુર્લભ પ્રજાતિઓ વિશે વિગતવાર અને સચોટ માહિતી આપવામાં આવી હતી.

તેમણે જણાવ્યું હતું કે માઉન્ટ આબુના જંગલમા વ્યાપક ઔષધીય ગુણો ધરાવતી વનસ્પતિ છે. આ જંગલમાં ૧૨૦૦ જેટલી વનસ્પતિ છે તેમાંથી ૬૦૦ /૭૦૦ જેટલા તો મેડિસિન પ્લાન્ટ છે.ભારત દેશમાં અન્ય વિસ્તારમાં ન થતી અમુક દુર્લભ વનસ્પતિ પણ અહીં છે. તેનું કારણ એ છે કે માઉન્ટ આબુ એ વિશ્વનું સૌથી જુનું માઉન્ટેન છે.

આ સાથે જ વનસ્પતિશાસ્ત્રીઓ, ઔષધીય જ્ઞાન ધરાવતા આયુર્વેદાચાર્યો અને પર્યાવરણ સંરક્ષણના અનુભવી નિષ્ણાતો દ્વારા પ્રકૃતિ,પર્યાવરણની સુરક્ષા અને જાળવણી કેવી રીતે કરવી? એ વિષય પર વ્યાખ્યાન અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

પ્રકૃતિ શિબિરમાં દસ જેટલા આયુર્વેદિક ડોક્ટર્સ તથા નિવૃત ફોરેસ્ટ ઓફિસર તેમજ અન્ય અલગ અલગ ક્ષેત્રમાં કામ કરતા પરંતુ પ્રકૃતિ સાથે કોઈને કોઈ રીતે જોડાયેલા છે.તેવા સભ્યો હાજર રહ્યા હતા.

આ શિબિર પ્રકૃતિ સંરક્ષણ અને જાગૃતિની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ છે. ગ્રુપના અન્ય આયોજકો શ્રી રસુલભાઈ ઘાંચી, શ્રી કિન્તુ શાહ, શ્રી પાર્થ પટેલ, શ્રી નારાયણ ઠાકોર, શ્રી મયંક ચૌહાણ અને શ્રી રોહિત ડોબરિયાએ આવી શિબિરોને વધુ વ્યાપક સ્તરે યોજવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. જેથી યુવાનો અને સામાન્ય નાગરિકોમાં પર્યાવરણ અને વન સંપદા પ્રત્યે જાગૃતિ વધે અને આપણી આગામી પેઢીને સમૃદ્ધ પ્રકૃતિનો વારસો મળે. માઉન્ટ આબુ વિસ્તારમાં ફરજ પર રહેલા રાજસ્થાન વન વિભાગના અધિકારી (ACF)શ્રી સુમેશ બાલન), (DFO)શ્રી શુભમ જૈન ,RFO અને શ્રી અધિકારીગણ સહપરિવાર હાજર રહ્યા.

- મનીષા પ્રધાન
સહાયક માહિતી નિયામક
માહિતી કમિશનરની કચેરી
ગાંધીનગર

# મહેસાણા ભાજપમાં ભુકંપઃ નિતિન પટેલના નજીકના ટેકેદાર રાકેશ શાહના પત્ની કોંગ્રેસમાંથી ચુંટણી લડશે

પ્રતિનિધિ,ગાંધીનગર



મહેસાણા નગરપાલિકાની ચુંટણી ના ફોર્મ ભરવાના અંતિમ દિવસે ભાજપને મોટો ફટકો પડયો છે. વરસોથી ભાજપની વિચારધારા સાથે જોડાયેલા અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલના ચુસ્ત ટેકેદાર ગણાતા રાકેશ રાજેન્દ્રભાઈ શાહ (પેપ્સી) એ ભાજપને તિલાંજલી આપી હતી, તેમના આ નિર્ણયથી મહેસાણા ભાજપના સંગઠનમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે.

રાકેશ શાહે માત્ર પક્ષ જ નથી છોડયો પરંતુ તેમની પત્ની રાધિકા શાહ ને કોંગ્રેસમાંથી ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે. મહેસાણા નગરપાલિકાના વોર્ડ નં. ૨ માં હવે રાજકીય સમીકરણો બદલાયા છે, રાકેશ શાહે જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ રણજીતસિંહ સાથે મજબુત પેનલ બનાવી છે અને કોંગ્રેસના બેનર હેઠળ ચુંટણી જંગમાં ઝંપલાવ્યુ છે. નિતિન પટેલના અત્યંત નજીકના ગણાતા કાર્યકરે છેલ્લી ઘડીએ પક્ષપલ્ટો કરતા અનેક તર્ક વિતર્ક સર્જાયા હતા. રાકેશ શાહ ના પત્ની આજે શનિવારે બપોરે ૧૨ વાગે વિધિવત રીતે કોંગ્રેસના ઉમેદવાર તરીકે ઉમેદવારીપત્ર ભર્યુ હતું. ભાજપના શાસન વિરૂધ્ધ જુના કાર્યકરોમાં રહેલો અસંતોષ હવે સપાટી પર આવ્યો હોય તેવુ જણાઈ રહ્યુ છે. જે આગામી પરીણામોમાં નિર્ણાયક સાબિત થઈ શકે છે.

# ગોંડલ સ્ટેશન પર રેલવે કર્મચારીઓની સતર્કતાથી મુસાફરનો મોબાઈલ સુરક્ષિત પરત અપાયો

### ભાવનગર મંડળના ગોંડલ રેલવે સ્ટેશન પર રેલવે કર્મચારીઓની સતર્કતા અને તત્પરતાનું એક પ્રશંસનીય ઉદાહરણ સામે આવ્યું છે



તારીખ ૧૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ યાત્રી ગાડી નંબર ૧૯૨૦૮ રાજકોટ–પોરબંદર એક્સપ્રેસ ગોંડલ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૦૧ પર સાંજે અંદાજે ૧૭:૦૦ વાગ્યે આવીને નીકળી ગઈ હતી. ગાડી નીકળી ગયા બાદ તરત જ ડ્યુટી પર રહેલી રેલવે પોઈન્ટ્સમેન સુશ્રી હેમવર્ષાબેનને રેલવે ટ્રેક પર મોબાઈલ ફોનની રિંગ વાગતી સંભળાઈ. તેમણે તાત્કાલિક સતર્કતા દાખવી મોબાઈલને સુરક્ષિત રીતે પોતાના કબજામાં લીધો અને તેની જાણ રેલવે સુરક્ષા દળ (RPF) ગોંડલના હેડ કોન્સ્ટેબલ શ્રી ઉત્પલભાઈને કરી.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે મોબાઈલ પર સંપર્ક સ્થાપિત કરતા જાણવા મળ્યું કે આ મોબાઈલ સાદિયા બેન (પત્ની શ્રી શબ્બીર), નિવાસી ધોરાજી, જિલ્લા રાજકોટનો છે, જે ગોંડલથી ધોરાજી જવા માટે આ જ ગાડીમાં મુસાફરી કરી રહી હતી. ઉતાવળમાં સામાન રાખતા અને ટ્રેનમાં ચઢતી વખતે તેમનો મોબાઈલ પડી ગયો હતો.

મુસાફરને મોબાઈલ ગોંડલ સ્ટેશન પર સુરક્ષિત હોવાની જાણ કરવામાં આવી. ત્યારબાદ તેમના સગા શ્રી મો. યુસુફ અહમદભાઈ, નિવાસી ગોંડલ, સ્ટેશન પર હાજર થયા. જરૂરી ચકાસણી પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ રેલવે કર્મચારીઓ અને RPF સ્ટાફ દ્વારા મોબાઈલ તેમને સુરક્ષિત રીતે પરત સોંપવામાં આવ્યો. મોબાઈલ પ્રાપ્ત થયા બાદ મુસાફર અને તેમના પરિવારજનોએ રેલવે તથા RPF કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો.

મંડળ રેલ પ્રબંધક, ભાવનગર શ્રી દિનેશ વર્માએ જણાવ્યું કે ભાવનગર મંડળ મુસાફરોની સુરક્ષા અને સુવિધા માટે હંમેશા પ્રતિબદ્ધ છે અને આવી ઘટનાઓ રેલવે કર્મચારીઓની જવાબદારી અને જાગૃતિને દર્શાવે છે.

# મંત્રી પી સી બરંડાના મતવિસ્તાર મેઘરજ માં આમ આદમી પાર્ટીએ પાડયુ ગાબડુઃ પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ સુરતાબેન ડામોરે કેસરી છોડી આમ આદમી પાર્ટીની ટોપી પહેરી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ




ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો માહોલ જામ્યો છે. આજે ૧૧ એપ્રિલે ઉમેદવારી ફોર્મ ભરવાના અંતિમ દિવસે કેટલાય નેતાઓએ પક્ષપલ્ટો કર્યો છે. તો બીજી તરફ ભુપેન્દ્ર પટેલની સરકારના મંત્રી પી સી બરંડાના મતવિસ્તાર અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના રાજકારણમાં ભાજપના ગઢ માં આમ આદમી પાર્ટીએ ગાબડુ પડયુ હતું.

મેઘરજ ભાજપના પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ સુરતાબેન ડામોરે ભારતીય જનતા પાર્ટી સાથે છેડો ફાડી આમ આદમી પાર્ટીમાં જોડાતા રાજકીય ગરમાવો વધી જવા પામ્યો હતો. મળતી માહિતી મુજબ સુરતાબેન ડમોરે જામગઢ તાલુકા પંચાયત સીટ માટે ભાજપ પાસે ટીકીટની માંગણી કરી હતી. જો કે પક્ષ દ્વારા તેમને ટીકીટ ન ફાળવવામાં આવતા તેઓ છેલ્લા કેટલાક સમયથી નારાજ ચાલી રહ્યા હતા. આ નારાજગી અંતે પક્ષપલ્ટામાં પરીણામી હતી. અને તેમણે ભાજપને રામ રામ કરી અંતે આમ આદમી પાર્ટીની ટોપી પહેરી લીધી હતી. આમ આદમી પાર્ટીના પ્રદેશ મંત્રી જયદીપસિંહ ચૌહાણની ખાસ હાજરીમાં સુરતાબેન ડામોરે વિધિવત રીતે આમ આદમી પાર્ટીનો ખેસ ધારણ કર્યો હતો. માત્ર પૂર્વ પ્રમુખ જ નહી પણ તેમની સાથે આશરે ૨૦ થી વધુ સક્રિય સમર્થકોએ પણ ભાજપ છોડીને આમ આદમી પાર્ટીમાં પ્રવેશ કરતા ભાજપના સ્થાનિક સંગઠનમાં મોટુ ભંગાણ પડયુ છે. મેઘરજ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખનુ પદ સંભાળી ચુકેલા સુરતાબેન ડામોરનો વિસ્તારમાં સારો પ્રભાવ છે. તેમના જવાથી જામગઢ સીટ અને આજુબાજુના ગામડાઓમાં ભાજપના વોટ શેર પર અસર પડી શકે છે. ચુંટણીના ટાંણે જ સર્જાયેલી આ પરીસ્થિતિને કારણે સ્થાનિક રાજકારણમાં ભારે ઉથલ પાથલ જોવા મળી રહી છે.

# સુરતમાં આમ આદમી પાર્ટી ઉમેદવાર ગૌશાલી ગાંગાણી નો આપઘાતનો પ્રયાસઃ મતદાર યાદીમાં નામ ન આવતા તંત્રથી કંટાળ્યા હોવાનો આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



### ચુંટણી કાર્ડ હોવા છતાં ઓનલાઈનમાં નામ જ નથીઃ હું ભાજપમાંથી આમ આદમી પાર્ટીમાં આવી છુંઃ સતત ધકકા ખાઈને કંટાળેલી મહિલા ઉમેદવાર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી માટે ફોર્મ ભરવાના અંતિમ દિવસે સુરતમાં એક ગંભીર ઘટના બનવા પામી હતી સુરત મનપાના વોર્ડ નં. ૧૪ ના આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગૌશાલી ગાંગાણીએ કલેકટર કચેરી ખાતે જ આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. હાલમાં તેમને ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી તાત્કાલીક સારવાર અર્થે હોસ્પીટલ ખસેડવામાં આવ્યા છે.

આપઘાતનો પ્રયાસ કરનાર મહિલા ઉમેદવારનુ નામ ગૌશાલી ગાંગાણી છે, જેઓ સુરતના વોર્ડ નં. ૧૪ (માતાવાડી કારંજ) માં થી આમ આદમી પાર્ટીના ઉમેદવાર હતા. ગૌશાલીબેને પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યુ હતુ કે મારૂ ચુંટણીકાર્ડ રદ કરી દેવામાં આવ્યુ હતું. આ અંગે સવાલ કરતા તેમને ૬ નંબરનુ ફોર્મ ભરવા જણાવાયુ હતું. ગૌશાલીબેને વધુમાં જણાવ્યુ હતુ કે ફોર્મ ભર્યા બાદ છેલ્લા ૧૫ દિવસથી તેમનુ નવુ ચુંટણીકાર્ડ પણ આવી ગયુ છે અને તે ઓનલાઈન બતાવે છે, તેમ છતાં ઉમેદવારી નોંધાવવા માટેની પ્રક્રિયામાં મુશ્કેલી પડી રહી હતી. તેઓ જિલ્લા સેવાસદન અને મુગલીસરા સહિત અનેક કચેરીમાં ફર્યા હતા, પરંતુ કોઈએ તેમને લેખિતમાં બાંહેધરી આપી ન હતી કે તેમનુ નામ યાદીમાં ચડાવી દેવામાં આવશે, ગૌશાલી ગાંગાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે ગઈ કાલે શુક્રવારે સાંજે જ આમ આદમી પાર્ટી દ્વારા મને મેન્ડેટ આપવામાં આવ્યુ હતુ, પરંતુ તેમનુ નામ ઓનલાઈન બતાવતુ ન હોવાથી ફોર્મ ભરવાની પ્રક્રિયા અટવાઈ હતી. ભારતની નાગરીક હોવા છતાં ન્યાય ન મળતા અને સતત ૩ દિવસથી તંત્ર દ્વારા ધકકા ખવડાવવામાં આવતા હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો હતો. તેમણે વધુમાં એક ચોંકાવનારો ખુલાસો કરતા જણાવ્યુ હતુ કે અગાઉ તેઓ ભારતીય જનતા પાર્ટી માં હતા, અને ત્યાંથી પક્ષપલ્ટો કરીને આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા, આ તમામ બાબતો વચ્ચે કચેરીમાંથી કોઈ સંતોષકારક જવાબ ન મળતા અને ફોર્મ ન કરાતા કંટાળીને આખરે તેમણે ફીનાઈલ ગટગટાવી લીધુ હતું.

તંત્રમાં કોઈપણ વ્યકિત દ્વારા યોગ્ય જવાબ ન મળવાથી અને સતત ધકકા ખાવાને કારણે અંતે કંટાળીને તેમણે આ આત્યાંતિક પગલુ ભરી પોતે ઝેરી દવા પી લીધી હોવાની કબુલાત કરી હતી. ચુંટણીપંચ આ બાબતે હવે શું કાર્યવાહી કરે છે તે અંગે તેમણે જણાવ્યુ હતું કે આગળ જે થશે તે ચુંટણીપંચ જોશે. આજે ફોર્મ ભરવાનો અંતિમ દિવસ હોવાથી ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો પોતાના સમર્થકો સાથે ફોર્મ ભરવા કલેકટર કચેરી પહોચ્યા હતા. ત્યારે આ ઘટનાના કારણે સુરતના રાજકીય માહોલમાં ભારે ચકચાર મચાવી મુકી હતી.

# બનાસકાંઠા ભાજપમાં ટીકીટ મામલે ભારે સસ્પેન્સઃ ફોર્મ ભરવાના અંતિમ દિવસે ઉકળતા ચરૂ જેવી પરીસ્થિતિ સર્જાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર



બનાસકાંઠા જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો માહોલ ગરમાયો છે. જયાં ઉમેદવારોની પસંદગી મામલે ભારતીય જનતા પાર્ટીમાં ભારે મથામણ જોવા મળી હતી. ફોર્મ ભરવાના અંતિમ દિવસ સુધી ભાજપે પોતાના સત્તાવાર ઉમેદવારોના નામ જાહેર ન કરતા પક્ષના સ્થાનિક નેતાઓ અને કાર્યકરોમાં ભારે અસમંજસની સ્થિતિ સર્જાઈ હતી. ખાસ કરીને પાલનપુર, ડીસા અને ધાનેરા જેવી મહત્વની નગરપાલિકાઓ સહિત ૧૦ તાલુકા પંચાયતોમાં ટીકીટની વહેંચણીને લઈને સર્જાયેલુ સસ્પેન્સ હવે પક્ષ માટે આંતરીક બળવાની ચિંતાની વધારે તેવુ હતું.

ચુંટણી પ્રક્રિયાના અંતિમ તબકકા સુધી નામ જાહેર ન થતા પક્ષના અનેક દાવેદારોમાં રોષ જોવા મળ્યો હતો. અહેવાલ અનુસાર ભાજપના બે પ્રભાવશાળી યુવા નેતાઓએ પહેલેથી જ અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવીને પક્ષ સામે બ્યુગલ ફુંકી દીધુ છે. આજે વધુ કેટલાક દિગ્ગજ નેતાઓએ ભાજપનો સાથ છોડીને કોંગ્રેસમાં જોડાયા હતા તો કેટલાક અપક્ષ તરીકે ઉમેદવારી ફોર્મ ભર્યા હતા. બનાસકાંઠા ભાજપમાં સર્જાયેલી આ સ્થિતિને પગલે રાજકીય વિશ્લેષકોનુ માનવુ છે કે ઉમેદવારોના નામ જાહેર કરવામાં વિલંબ અને આંતરીક જુથવાદ આગામી પરીણામોમાં ભાજપ માટે મોટુ નુકશાન સાબિત થઈ શકે છે. ઉમેદવારોની યાદીમાં વિલંબના કારણે ધાનેરા, ડીસા અને પાલનપુર નગરપાલિકાના સમીકરણો પ્રભાવિત થયા હતા. આ ઉપરાંત વડગામ, દાંતીવાડા, અમીરગઢ અને કાંકરેજ જેવી તાલુકા પંચાયતોમાં પણ સંગઠનમાં ભંગાણના સંકેતો મળ્યા હતા. નવી બનેલી ઓગડ તાલુકા પંચાયતની ૨૦ બેઠકો અને હડાદ-દાંતા જેવા અંતરીયાળ વિસ્તારોમાં પણ ભાજપ વિરૂધ્ધ બળવાના સુર તેજ બન્યા છે. બનાસકાંઠામાં જામી રહેલો આ ત્રિપાંખીયો જંગ અને પક્ષમાં વધી રહેલી નારાજગી ભાજપના ગઢ માં ગાબડુ પાડશે કે કેમ તે હવે મતગણતરીના દિવસે જ સ્પષ્ટ થશે.

# મહેસાણા જિલ્લામાં કોંગ્રેસની બંધ બાજી સામે ભાજપે મોડી રાત્રે પત્તાં ખોલ્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

રાજકીય લેબોરેટરી ગણાતા મહેસાણા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં રાજકીય પક્ષો ફૂંકી ફૂંકીને પગ મુકી રહ્યા છે. ભાજપે શુક્રવારે રાત્રે મહેસાણા કોર્પોરેશનના ઉમેદવારો જાહેર કર્યાના ઘણા સમય બાદ જિલ્લા પંચાયત સહિત અન્ય સંસ્થાઓના ઉમેદવારો જાહેર કર્યા હતા, જ્યારે કોંગ્રેસે શુક્રવારે મોડી રાત સુધી કોઈ ઉમેદવારો જાહેર નહોતા કર્યા.મહેસાણા જિલ્લામાં મહેસાણા મહાનગરપાલિકા અને પાંચ નગરપાલિકાઓ, જિલ્લા પંચાયત તથા ૧૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીની સાથે સાથે વડનગર પાલિકાના એક વોર્ડની પેટાચૂંટણી જાહેર કરાઈ છે. વિવિધ પક્ષોમાંથી ટિકિટો મેળવવા દાવેદારોએ સંભવિત તમામ ધમપછાડા કર્યા હતા અને ઉમેદવારોની યાદી જાહેર થાય તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, શનિવારે ઉમેદવારી નોંધાવવાનો છેલ્લો દિવસ હોવા છતાં ભાજપ અને કોંગ્રેસ બળવો કે હોબાળો ટાળવા માટે ફૂંકી ફૂંકીને પગ મુકી રહ્યા હોય તેમ બેઠક દીઠ બે-ત્રણ દાવેદારોને ફોન કરીને ફોર્મ ભરવાની તૈયારી કરી દેવા જણાવી દેવાયું હતું પરંતુ ઉમેદવારો જાહેર કરવામાં વિલંબ કરી રહ્યા હતા. જેમાં કોંગ્રેસનાં સૂત્રોએ જણાવ્યું હતું કે, દાવેદારોને ફોન કરીને સૂચના આપી છે, જો કે, શનિવારે સીધા મેન્ડેટ આપવામાં આવશે. જે મુજબ કોંગ્રેસે મહેસાણા જિલ્લાની કોઈપણ સંસ્થાના તેમના ઉમેદવારો શુક્રવારે મોડી રાત સુધી જાહેર કર્યા નહોતા.તો બીજી તરફ ભાજપ દ્વારા નવરચિત મહેસાણા મહાપાલિકાના ઉમેદવારો રાત્રે દસેક વાગ્યે જાહેર કરાયા હતા અને તેના એકાદ કલાક બાદ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતો તેમજ નગરપાલિકાઓના ઉમેદવારો જાહેર કર્યા હતા. ભાજપે દિવસે સત્તાવાર ઉમેદવારો જાહેર કર્યા નહોતા છતાં પણ કેટલાક ઉમેદવારો અંગે અંદેશો આવી જતાં કેટલાક સ્થળે નારાજગી બહાર આવી હતી. જોટાણ તા.પં.ની મરતોલી બેઠકમાં ટિકિટ વહેચણીના મુદ્દે નારાજગીને લઈને મહેશ પટેલ સહિત મરતોલી તથા અજબપુરા ગામના કેટલાક કાર્યકરો ભાજપ પર આક્ષેપ કરીને કોંગ્રેસમાં જોડાયા હતા. મહેસાણા તાલુકા પંચાયતની મગુના બેઠકમાં પણ હોબાળો જોવા મળ્યો હતો. મોડી રાત્રે ભાજપે જિલ્લાની તમામ સંસ્થાઓના ઉમેદવારો જાહેર કરતાં જ દાવેદારોમાં કહીં ખુશી કહીં ગમ જેવો માહોલ સર્જાયો હતો.નવરચિત મહેસાણા મહાનગરપાલિકામાં ભાજપે મોટાભાગે નવા ચહેરા મેદાનમાં ઉતાર્યા છે.

# નડિયાદ યાર્ડમાં RUB પુનર્નિર્માણ કાર્ય માટે ટ્રાફિક બ્લોકના કારણે ટ્રેનો પ્રભાવિત

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુરક્ષા તથા રેલવે અવસંરચનાને મજબૂત બનાવવાના હેતુથી વડોદરા મંડળના નડિયાદ યાર્ડમાં આવેલ બ્રિજ નં. ૬૭૦ પર રોડ અન્ડર બ્રિજ (RUB) ના પુનર્નિર્માણ કાર્ય અંતર્ગત ગર્ડર લોન્ચિંગનું કાર્ય હાથ ધરવામાં આવશે. આ કાર્ય માટે તા. ૧૨ એપ્રિલ, ૨૦૨૬ (રવિવાર) ના રોજ ૧૩:૩૦ થી ૧૭:૦૦ વાગ્યા સુધી (૦૩ કલાક ૩૦ મિનિટ) તથા તા. ૧૫ એપ્રિલ, ૨૦૨૬ (બુધવાર) ના રોજ ૧૧:૩૦ થી ૧૫:૦૦ વાગ્યા સુધી (૦૩ કલાક ૩૦ મિનિટ) ટ્રાફિક બ્લોક લેવામાં આવશે. જેના કારણે નિમ્નલિખિત ટ્રેનો પ્રભાવિત રહેશેઃ ● ટ્રેન નં. ૧૨૬૫૬ ચેન્નઈ–અમદાવાદ નવજીવન એક્સપ્રેસ, તા. ૧૨.૦૪.૨૦૨૬ ના રોજ વડોદરા મંડળમાં અંદાજે ૧૦ મિનિટ માટે રેગ્યુલેટ કરવામાં આવશે. ● ટ્રેન નં. ૨૨૯૫૯ વડોદરા–જામનગર ઈન્ટરસિટી, તા. ૧૨.૦૪.૨૦૨૬ ના રોજ રદ રહેશે. ● ટ્રેન નં. ૧૯૦૩૬ મણિનગર–વડોદરા ઈન્ટરસિટી, તા. ૧૫.૦૪.૨૦૨૬ ના રોજ રદ રહેશે. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને અન્ય માહિતી માટે www .enquiry. indianrail.gov.in ની મુલાકાત લો.

# સુરત શહેર વાલ્મીકિ સમાજમાં ભાજપનો મોહ ભંગ થયો: કાર્યકરોમાં નારાજગી: શહેર પ્રમુખને આવેદન પત્ર આપ્યું: પ્રમુખે આવેદન પત્ર લઈ પી.એ ને પકડાવી દીધુ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત શહેર ભાજપમાં વાલ્મીકિ સમાજના અનેક કાર્યકરે પાર્ટીના ઉમેદવાર બનવા માટે ભાજપ પાસે ટિકિટની (ઉમેદવારી) માંગણી કરી હતી. પરંતુ ભાજપે કોઈ પણ કાર્યકારની કદર ના કરી વાલ્મીકિ સમાજની વસ્તીને નારાજ કરી છે. જે કાર્યકરોને ટિકિટ આવશે એવી આશાએ ભાજપના કાર્યકર તરીકે કામગીરી કરી રહ્યા હતા એટલું જ નહીં ભાજપના કોઈ મોટા નેતા આવે ત્યારે સંખ્યા દેખાડવા માટે વાલ્મીકિ સમાજના સફાઈ કર્મચારીઓ ને મોટી સંખ્યામાં હાજર રાખવામા આવે છે. આ કાર્યકરો અગત્યની ભૂમિકા ભજવતા હતા. તેવા કાર્યકરો ને ભાજપે ઉમેદવાર તરીકે પસંદગી નહીં કરી બહારનો રસ્તો બતાવી સમાજમાં જે મોટા ભા થઈ ને ફરતા હતા તેઓને તેમની પાર્ટીમાં કેટલી કિંમત છે તે બતાવી દીધું છે. ભાજપ શહેર પ્રમુખ પરેશ પટેલ તો કોઈ વાલ્મીકિ સમાજના કાર્યકર સાથે પ્રેમથી વાત કરવા પણ તૈયાર ના હતા. તા.૧૧/૦૪/૨૦૨૬ ના રોજ વાલ્મીકિ સમાજના કેટલાક કાર્યકરો પાર્ટી ઓફિસે શહેર પ્રમુખ પરેશ પટેલ ને મળવા ગયા હતા અને તેઓએ વાલ્મીકિ સમાજની ઉપેક્ષા કરી સમાજમાંથી કોઈની પસંદગી નહીં કરતાં વાલ્મીકિ સમાજે આક્રોશ વ્યકત કર્યો હતો. જેથી નારાજ થઈ પરેશ પટેલે આ વાલ્મિકી સમાજના કાર્યકરો ને હડધૂત કરી ને કાઢી મુકયા હતા. સદર આવેદનપત્રમાં જણાવ્યા મુજબ અમો સુરત શહેરના સમગ્ર વાલ્મિકી સમાજ વતી આપને સ્પષ્ટ લાગણીભર્યા શબ્દોમાં જણાવવા માગીએ છીએ કે, સુરત મહાનગરપાલિકા ચૂંટણી-૨૦૨૬ માટે જાહેર થયેલી ઉમેદવારોની યાદીમાં વાલ્મિકી સમાજને એક પણ ટિકિટ આપવામાં ના આવતા સમાજમાં ભારે રોષ, દુ:ખ અને અસંતોષ ફાટી નીકળ્યો છે.

વધુમાં તેઓએ જણાવ્યુ છે કે વર્ષોથી અમે ભારતીય જનતા પાર્ટી માટે માત્ર મતદાર નહીં પરંતુ જમીન સ્તરના સૈનિક તરીકે કામ કર્યું છે. દરેક ચૂંટણીમાં, દરેક સંજોગોમાં, અમે પક્ષ સાથે ખભે ખભા મિલાવીને ઉભા રહ્યા છીએ. છતાં પણ આ વખતે અમને સંપૂર્ણપણે અવગણવામાં આવ્યા છીએ જે સીધો અન્યાય અને અપમાન સમાન છે. અમારી સ્પષ્ટ લાગણી અને માંગણી છે કે, આ અવગણના હવે સહનશક્તિની બહાર છે વારંવારના અન્યાય બાદ આ નિર્ણય વાલ્મિકી સમાજ માટે "અંતિમ ઘા" સમાન છે. "સબકા સાથ, સબકા વિકાસ" માત્ર સૂત્ર બની રહ્યું છે..જ્યારે વાસ્તવિક પ્રતિનિધિત્વ આપવામાં નથી આવતું, ત્યારે આ નારો જમીન પર ખાલી દેખાય છે. SC બેઠકમાં એમાં પણ વાલ્મિકી સમાજને અવગણવો એ ગંભીર બાબત છે. આ નિર્ણય સમાજમાં સ્પષ્ટ સંદેશ આપે છે કે અત્યાર સુધીના ઈતિહાસમાં વાલ્મિકી સમાજની માત્ર અવગણના જ કરવામાં આવી છે.કાર્યકર્તાઓમાં બળવા જેવી સ્થિતિ છે. જમીન સ્તરે કાર્યરત કાર્યકર્તાઓમાં ભારે અસંતોષ છે, જે હવે ખુલ્લેઆમ સામે આવી રહ્યો છે. વાલ્મીકિ સમાજની દ્રઢ માંગણી છે કે, જો તાત્કાલિક વાલ્મિકી સમાજને યોગ્ય પ્રતિનિધિત્વ આપવામાં નહીં આવે, તો આવનારા સમયમાં સમાજ દ્વારા સંગઠિત અને મજબૂત રાજકીય નિર્ણય લેવામાં આવશે.સમાજ હવે માત્ર આશ્વાસન નહીં, પરંતુ હક માંગે છે. જરૂરી બનશે તો, સમગ્ર વાલ્મિકી સમાજ એકજૂથ થઈને પોતાનો માર્ગ પસંદ કરશે.

# ભાવનગર ભાજપ કાર્યાલયમાં પૂર્વ મેયરનુ અપમાન? બારડ બોલ્યા પાર્ટી કોઈના બાપની નથી

પ્રતિનિધિ,ગાંધીનગર




ભાવનગર મહાનગરપાલિકા ની ચુંટણી અગાઉ ભાવનગર ભાજપનો આંતરીક કલહ ચરમ સીમાએ પહોચ્યો છે. ગઈ કાલે શહેર ભાજપ કાર્યાલય ખાતે ટીકીટ ની રજુઆત કરવા પહોચેલા પૂર્વ મેયર ભરત બારડ સાથે થયેલી ખેંચતાણ અને તેમને કાર્યાલયમાંથી બહાર કાઢવાની ઘટનાએ રાજકીય આલમમાં ભારે ગરમાવો લાવી દીધો છે. એક તરફ શિસ્તના પાઠ ભણાવતી પાર્ટીમાં દિનદહાડે પૂર્વ મેયરનુ અપમાન થયાના વિડીયો વાયરલ થયા છે. તો બીજી તરફ ખુદ ભરત બારડે આક્ષેપોને ફગાવી પક્ષભકિતનો રાગ આલોપ્યો હતો. મળતી માહિતી મુજબ ભાવનગર મહાનગર પાલિકાની ચુંટણી માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ચાલી રહી હતી. ત્યારે પુર્વ મેયર ભરત બારડ પોતાની વાત રજુ કરવા શહેર ભાજપ કાર્યાલય પહોચ્યા હતા. તેઓ શહેર પ્રમુખ કુમાર શાહ ને મળવા માંગતા હતા. પરંતુ તેમને ચેમ્બરમાં પ્રવેશતા અટકાવવામાં આવ્યા હતા. કાર્યાલયની બહાર નિકળતી વખતે ભરત બારડ અત્યંત ક્રોધ અને ગુસ્સામાં જોવા મળ્યા હતા. પાર્કિંગમાં પોતાનુ સ્કુટર લેતી વખતે તેમણે હાજર લોકો સમક્ષ બળાપો કાઢતા કહ્યુ હતુ કે પાર્ટી કોઈના બાપની નથી, અમે મહેનત કરીને આ પાર્ટી બનાવી છે. આ નિવેદનનો વિડીયો સોશીયલ મીડીયા પર વાયુવેગે પ્રસારીત થતા શહેર ભાજપના સંગઠનમાં સોંપો પડી ગયો હતો. આ ઘટના બાદ પૂર્વ મેયરને તાબડતોબ મુખ્યમંત્રીનુ તેડુ આવ્યુ હતું અને તેમને મનાવી લેવાયા હતા. નવાઈની વાત તો એ છે કે આટલી મોટી ઘટના અને વિડીયો પુરાવા હોવા છતાં, બાદમાં મીડીયા સાથેની વાતચીતમાં ભરત બારડે નવો જ વળાંક લીધો હતો. તેમણે જણાવ્યુ હતુ કે મારી સાથે કોઈ ગેરવર્તન થયુ નથી, હું માત્ર ચા પી ને બહાર આવ્યો છું, બાવડુ પકડીને બહાર કાઢવાની વાત માત્ર અફવા છે, હું પક્ષનો શિસ્તબધ્ધ કાર્યકર છુ અને પક્ષનો નિર્ણય મારા માટે શિરોમાન્ય છે. જુના વિવાદાસ્પદ મેસેજો અને નારાજગી અંગે પુછતા તેમણે મૌન સેવ્યુ હતું.

# ભાજપ ધ્વારા નગરપાલિકા, મહાનગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત માટે બહાર પાડેલો નિયમો પાયાના કાર્યકરોની ઘોર ખોદશે!!

**૬૦ વર્ષથી ઉપરના અને ત્રણ ટર્મ ચૂંટણી લડીને કોર્પોરેટર બની ચૂકેલાઓમાંથી એક પણ કોર્પોરેટર ને ટિકિટ આપવામાં આવશે નહીં: આ નિયમ માત્ર સ્થાનિક કક્ષાએ જ નહી પણ ધારાસભ્ય, સાંસદ સભ્ય માટે પણ ભાજપે લાગુ પાડવો જોઈએ**

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાત ના વિવિધ શહેરોમાં યોજાનારી નગરપાલિકા, મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીના મોવડી મંડળ ધ્વારા ૬૦ વર્ષથી ઉપરના અને ત્રણ ટર્મ ચૂંટણી લડીને કોર્પોરેટર બની ચૂકેલાઓમાંથી એક પણ કોર્પોરેટર ને ટિકિટ આપવામાં આવશે નહીં. આ નિયમ માત્ર સ્થાનિક કક્ષાએ જ નહી પણ ધારાસભ્ય, સાંસદ સભ્ય માટે પણ ભાજપે લાગુ પાડવો જોઈએ. આ નિયમને કારણે પાર્ટી માટે જે કાર્યકરે પોતાની જિંદગીના વર્ષો ખર્ચી નાંખ્યા હોય, ઘર બાર છોડી પાર્ટીના પ્રચાર કાર્ય, બેનર બાંધવા-લગાવવા, ટેમ્પા, ટ્રકો ભરવા સુધી અને પાર્ટી માટે સતત સંઘર્ષ કરતાં આવ્યા હોય તેવા કાર્યકર પોતાના મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત ની ચૂંટણીમાં ઉમેદવારી કરવા માંગતા હોય તેવા ઉમેદવારો ને ૬૦ વર્ષની ઉંમરના બહાના હેઠળ તેઓની આશા ઉપર પાણી ફેરવી દેવામાં આવેલ છે. આ દેશના યશસ્વી પ્રધાનમંત્રી જ્યારે મુખ્યમંત્રી માંથી પ્રધાનમંત્રી તરીકે સેવા આપી રહ્યા છે. અને તેઓએ દેશ હિત ખાતર એક પણ દિવસ રજા પાડયા વગર સતત સેવા કરી રહ્યા છે.ત્યારે તેઓએ ૭૫ વર્ષની ઉંમર વટાવી છે છતાં તેઓ ફિટ છે. અને દેશ સેવા કરી રહ્યા છે. અહી સવાલ એ ઊભો થાય છે કે જો ધારાસભ્યો અને રાજયસભા તથા લોકસભા ના સાંસદો ને ૬૦ વર્ષની વય મર્યાદાનો નિયમ લાગુ પડતો નથી ત્યારે જો ભાજપે ૬૦ વર્ષની વયમર્યાદા લાગુ પાડવી હોય તો સહુ માટે એક સરખી વયમર્યાદા લાગુ પાડવી જોઈએ. તેમાં ભેદભાવ કે પક્ષપાત ના હોવી જોઈએ. નિયમ બનાવનારાઓ માટે પણ નિયમનો કડકપણે અમલ થવો જોઈએ.

હવે વાત કરીએ ભાજપના સામાન્ય કાર્યકરની, જે સામાન્ય કાર્યકરે પક્ષની કામગીરી કરતાં-કરતાં ૬૦ વર્ષ કયારે પૂરા કરી દીધા છે તેની તેને પણ ખબર હોતી નથી. અને તેઓ પાર્ટી માટે જ્યારે તન-મન અને ધન થી સેવા કરી જ્યારે ટિકિટ માટે કોઈ દાવેદારી કરે ત્યારે તેઓને ઉંમરના બહાને તેમાંથી વંચિત રાખવામા આવે છે. જે કાર્યકરોએ વર્ષો સુધી ભાજપ પક્ષ માટે પોતાના બુટ- ચંપલ ઘસી નાંખ્યા હોય, રાત-દિવસ ના જોયા હોય, સી.એમ કે પી.એમ ની સભા હોય એ સભાઓમા માનવમેદની ભેગા કરવામાં જેનો અગ્રિમ ફાળો હોય એવા કાર્યકરોને સાચવવા ને બદલે પવન જોઈ ને સઢ ફેરવતા ખંધા ખાઈ બદેલા જાણે કે અહી નાવ ડૂબવાની છે ત્યારે ૬૦ વર્ષ અને ત્રણ ટર્મનો નિયમ બનાવી પાયા ના કાર્યકરોમાં છુપા આક્રોશનો પલીતો ચાપવાનું પાપ કર્યું છે. તેની સામે કાર્યકરોમાં ગંભીર નારાજગી છે. અને આવી નારાજગી પાર્ટીના દેખાવ ઉપર પણ અસર પાડયા વગર રહેશે નહીં. ટૂંકમાં ઉમેદવારો માટે ભેદભાવ ઉંમર કે બીજી રીતે હોઈ શકે નહીં. સુરતના અનેક ઉમેદવારો કપાતા નારાજગી અને હતાશા અનુભવી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનિય છે કે જો દેશના રાષ્ટ્રપતિ ૭૫ વર્ષ ઉપરના હોય, વડાપ્રધાન ૭૫ વર્ષ ઉપરના હોય, કેન્દ્રના કેબિનેટ મંત્રીઓ અને સાંસદો તેમજ ધારાસભાના મુખ્ય મંત્રી અને મંત્રીઓ જ્યારે ૭૫ વર્ષ વટાવી ગયા હોય ત્યારે માત્ર ને માત્ર નગરપાલિકા, મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચૂંટણીઓ માટે ૬૦ વર્ષ અને ત્રણ ટર્મનો નિયમ શા માટે? આમ ભાજપે દેશના લોકો ના આક્રોશની સાથે સાથે પોતાની પાર્ટીના પાયાના એવા સક્રિય કાર્યકરોમાં પણ જ્યારે છુપા આક્રોશનું પણ સર્જન કર્યું છે ત્યારે બની શકે કે સદર આવનારી ચૂંટણીઓમાં દૂધ નો દાઝેલો છાશ ફૂંકીને પીવે તો નવાઈ નહીં! ઉપરાંત ક્રોસ વોટિંગથી પાર્ટીને પણ નુકશાન થવાનો એટલો જ સંભવ રહ્યો છે ત્યારે જોવાનું એ જ રહ્યું કે આગે-આગે ગોરખ જાગે એમ સુરત મહાનગરપાલિકાની તેમજ અન્ય ચૂંટણીઓમાં આવનારું પરિણામ ચૌ-ચૌ નો મુરબ્બો ના બની રહે એ જ નવાઈ નહીં!

હાલમાં જ્યારે ચૂંટણીપંચ ના આદેશ ને અનુસરી SIR ની કામગીરી ચાલી રહી છે જેમાં મતદારો ઓછા થયા છે અને ઓછા વધ્યા છે તેમજ જાતિગત સમીકરણ પણ બદલાયું છે એ મુદ્દો પણ આ ચૂંટણીઓ ના પરિણામો ઉપર એટલી જ અસર કરવાનો છે. એ નિર્વિવાદ છે.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીના ફોર્મ ભરવાના અંતિમ દિવસે વડોદરામાં ભાજપના ઉમેદવારના પતિની ધરપકડ

**વડોદરામાં વોર્ડ નં. ૧ માં ભાજપે છેલ્લી ઘડીએ ઉમેદવાર બદલવા પડયા : પક્ષ માટે ડેમેજ કંટ્રોલનો સૌથી મોટો પડકાર**

પ્રતિનિધિ,ગાંધીનગર



સ્થાનિક સ્વરાજયની ચુંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાની આજે ૧૧ એપ્રિલે અંતિમ તારીખ હતી, અંતિમ તારીખે વડોદરામાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોચ્યો હતો. એક તરફ ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો શકિત પ્રદર્શન સાથે ફોર્મ ભરવા ઉમટી પડયા હતા. તો બીજી તરફ વડોદરામાં ભાજપના ઉમેદવારના પતિની પોલીસે ધરપકડ કરતા અને ટેકનીકલ કારણોસર ટીકીટ બદલાતા અરાજકતા સર્જાઈ હતી.

વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નં. ૬ ના ભાજપના ઉમેદવાર પાર્વતીબેન સોલંકીના પતિ પ્રભુભાઈ સોલંકીની હરીયાણા પોલીસે ધરપકડ કરતા ખળભળાટ મચી જવા પામ્યો હતો. પ્રભુભાઈ જયારે ફોર્મ ભરવા ગયા હતા ત્યારે જ પોલીસે તેમને ગાડીમાં બેસાડી દીધા હતા. મળતી માહિતી મુજબ ગુડગાંવ (હરીયાણા) પોલીસ દ્વારા નકલી ગોલ્ડ સ્મગલીંગ કેસમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ ઘટના બાદ પાર્વતીબેને ક્રાઈમ બ્રાન્ચ ખાતે હોબાળો મચાવ્યો હતો અને આક્રોશ વ્યકત કરતા જણાવ્યુ હતુ કે મારા પતિ નિર્દોષ છે, જો તેમને છોડવામાં નહી આવે તો હું અહીં જ આત્મહત્યા કરી લઈશ, અને જવાબદાર અધિકારીઓના નામ આપીશ, ભાજપની આંતરીક વહિવટી પ્રક્રિયા પર સવાલ ઉઠાવતો કિસ્સો વોર્ડ નં. ૧ માં બહાર આવ્યો હતો. જયાં જાહેર કરાયેલા ઉમેદવાર રાગ મછાર નુ નામ જ મતદાર યાદીમાં ન હોવાનુ બહાર આવતા ભાજપની ફજેતી થઈ ગઈ હતી. ભાજપે તાબડતોબ રાગ મછાર ના બદલે વોર્ડ નં. ૧૬ ના ભુરસીંગભાઈ રાઠવાને મેદાનમાં ઉતારવા પડયા હતા. આ ઘટનાએ સાબિત કર્યુ હતુ કે ભાજપ પોતાના ઉમેદવારના પાયાના દસ્તાવેજો ચકાસવામાં પણ ચુક કરી ગયુ છે.

વડોદરા મહાનગરપાલિકાની ચુંટણીમાં ભાજપે આ વખતે નો રીપીટ થીયરી પર ભાર મુકયો હોય તેવુ જણાયુ હતું, અનેક દિગ્ગજ નેતાઓની ટીકીટ કાપીને ૫૩ નવા ચહેરાઓને તક આપવામાં આવી છે. જો કે આ આક્રમક ફેરફારોને કારણે પક્ષમાં આંતરીક વિરોધ પણ જોવા મળી રહ્યો હતો. ટીકીટ વહેંચણી બાદ ફાટી નિકળેલી નારાજગી અને આજના હાઈવોલ્ટેજ ડ્રામા બાદ ભાજપ માટે હવે અસંતુષ્ટોને મનાવવા અને ડેમેજ કંટ્રોલ કરવુ એ સૌથી મોટો પડકાર બની રહેશે.

# ઉમેદવારી ભરવાના અંતિમ દિવસે કોંગ્રેસના ઉમેદવારોનો અનોખો વિરોધ: મચ્છરદાની અને ગંદા પાણીની બોટલો લઈ ફોર્મ ભરવા પહોચ્યા

**પીયુષ ઢીમર અનોખા અંદાજમાં નામાંકન પત્ર ભરવા કચેરીએ પહોચ્યા: હાથમાં ગંદા પાણીની બોટલો લઈ ભાજપ શાસન સામે કર્યો આકરો રોષ**

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો માહોલ જામ્યો છે. ત્યારે નવસારી લોકસભા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર પીયુષ ઢીમરે આજે ફોર્મ ભરવા જતી વખતે એક અનોખુ અને ધ્યાન ખેંચનારૂ વિરોધ પ્રદર્શન કર્યુ હતું. સામાન્ય રીતે ઉમેદવારો શકિત પ્રદર્શન અને રેલીઓ સાથે નામાંકન પત્ર ભરવા જતા હોય છે. પરંતુ પીયુષ ઢીમરે લોક સમસ્યાને વાચા આપવા માટે ગાંધીવાદી માર્ગ અપનાવ્યો હતો. પીયુષ ઢીમર જયારે કલેકટર કચેરીએ ફોર્મ ભરવા પહોચ્યા ત્યારે તેમના શરીર પર મચ્છરદાની ઓઢેલી હતી અને હાથમાં દુષિત પાણીની બોટલો હતી, તેમણે આક્ષેપ કર્યો હતો કે ભાજપના શાસનમાં નવસારીના નાગરીકો પાયાની સુવિધાઓ માટે વલખાં મારી રહ્યા છે. શહેરમાં ગંદા પાણીની સમસ્યા વકરી છે અને મચ્છરોના ત્રાસને કારણે લોકો બિમારીનો ભોગ બની રહ્યા છે. આ પ્રદર્શન દ્વારા તેમણે સત્તાધારી ભાજપ પક્ષની નિષ્ફળતા અને વહિવટી તંત્રની ઉદાસીનતા પર આકરા પ્રહારો કર્યા હતા. ઉમેદવારના આ અનોખા અંદાજે સમગ્ર શહેરમાં ભારે ચર્ચા જગાળી હતી. રસ્તા પરથી પસાર થતા લોકો પણ આ દ્રશ્ય જોઈને સ્તબ્ધ થઈ ગયા હતા. પીયુષ ઢીમરે જણાવ્યુ હતુ કે આ માત્ર મારો વિરોધ નથી પણ નવસારીની જનતાની વેદના છે, તેમણે વધુમાં કહ્યુ હતુ કે છેલ્લા ઘણા સમયથી સ્થાનિકો ગંદા પાણી અને ગંદકીનો પ્રશ્ન ઉઠાવી રહ્યા છે. પરંતુ કોઈ ઉકેલ આવતો નથી, આ વિરોધ પ્રદર્શન બાદ તેમણે વિધિવત રીતે પોતાનુ નામાંકન પત્ર રજુ કર્યુ હતું. ભાજપનો ગઢ ગણાતી આ બેઠક પર કોંગ્રેસના આ ક્રિએટીવ વિરોધે ચુંટણી જંગને વધુ રસપ્રદ બનાવી દીધો છે.




# સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના ફોર્મ ભરવાના અંતિમ દિવસે કોંગ્રેસના ૩૬ ઉમેદવારોએ મેન્ડેટ પરત કર્યા

પ્રતિનિધિ,ગાંધીનગર




અમદાવાદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી પહેલા જ રાજકીય માહોલ ગરમાયો છે. ખાસ કરીને ધોળકા કોંગ્રેસમાં સર્જાયેલી પરીસ્થિતિએ રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી છે. ચુંટણીની પ્રક્રિયા ચાલી રહી હતી ત્યારે જ પક્ષની અંદરથી ઉદભવેલી અસંતોષની લહેર હવે ખુલ્લેઆમ બહાર આવી હતી.

ધોળકા નગરપાલિકાની ચુંટણી માટે પસંદ કરાયેલા કુલ ૩૬ ઉમેદવારોના મેન્ડેટ જિલ્લા પ્રમુખને પરત સોંપવામાં આવ્યા હોવાના સમાચારો પ્રાપ્ત થયા હતા. આ પગલા પાછળનુ મુખ્ય કારણ એ જણાવવામાં આવ્યુ હતુ કે કેટલાક નેતાઓએ ભાજપની બી ટીમ તરીકે કામ કરતા લોકોને ટીકીટ અપાવી હોવાના આક્ષેપો થયા હતા.

આ મુદ્દે પક્ષના કાર્યકરોમાં ભારે નારાજગી જોવા મળી હતી. આંતરીક વિખવાદ એટલો વધ્યો હતો કે ધોળકા શહેર કોંગ્રેસ પ્રમુખ દિનેશ મકવાણાએ પોતાના પદ પરથી રાજીનામુ આપી દીધુ છે.

આ રાજીનામુ પક્ષ માટે મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે. કારણ કે ચુંટણી પહેલા જ સંગઠનમાં આવી ભંગાણ જેવી સ્થિતિ ઉભી થઈ હતી. હાલમાં ફોર્મ ભરવાની પ્રક્રિયા માટે ખુબ ઓછો સમય રહ્યો હતો. જો સમયસર મેન્ડેટ ફરીથી જમા નહી થાય તો તમામ ૩૬ ઉમેદવારોના ફોર્મ રદ થવાની શકયતા ઉભી થઈ શકે છે. આ પરીસ્થિતિ કોંગ્રેસ માટે મોટી મુશ્કેલી ઉભી કરી શકે છે અને ચુંટણીમાં સીધી અસર પાડી શકે છે. હવે મહત્વપૂર્ણ સવાલ એ ઉભો થાય છે કે કોંગ્રેસ આ સંકટમાંથી કેવી રીતે બહાર આવે છે, શું પક્ષ તાત્કાલીક ડેમેજ કંટ્રોલ કરીને પરીસ્થિતિને સંભાળી શકશે કે પછી આ વિખવાદના કારણે મોટાપાયે ઉમેદવારી રદ થશે. એ જોવુ હવે રસપ્રદ રહેશે.

# રાજકોટમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી અગાઉ આચારસંહિતાનો થયો ભંગ: ભાજપ કાર્યાલય પર સરકારી કર્મચારી દેખાતા મચી ચકચાર

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજકોટ મહાનગરપાલિકાની ચુંટણીનો માહોલ ગરમાયો છે. ત્યારે એક વિવાદાસ્પદ ઘટના બહાર આવી હતી. જેને લઈને રાજકીય અને વહિવટી તંત્રમાં ચર્ચાનો વિષય બનવા પામી હતી, ચુંટણી દરમિયાન સરકારી કર્મચારીઓએ સંપુર્ણ તટસ્થ રહેવુ જરૂરી હોય છે, પરંતુ રાજકોટમાં આ નિયમોનુ ઉલ્લંઘન થયાની વાત બહાર આવી હતી.

મળતી માહિતી મુજબ આજે શનિવારે ઉમેદવારી ફોર્મ ભરવાના છેલ્લા દિવસે રાજકોટ મહાનગરપાલિકામાં કલાર્ક તરીકે ફરજ બજાવતા ભાર્ગવ ઠાકર નામના કર્મચારી ભાજપ કાર્યાલયે પહોચી ગયા હતા. તેઓએ વોર્ડ નં. ૧૧ માટે ઉમેદવારોના ઉમેદવારી ફોર્મ ભરવામાં વ્યસ્ત હોવાનુ બહાર આવ્યુ હતું.

મીડીયા ના મિત્રો પહોચતા જ કર્મચારી સ્થળ પરથી નાસી છુટયા હતા, જેને કારણે શંકાઓ વધુ ઘેરાઈ હતી. આ ઘટનાએ અનેક મહત્વના સવાલો ઉભા કર્યા છે.

સરકારી કર્મચારી હોવા છતાં રાજકીય પક્ષના કાર્યાલયમાં બેસીને ચુંટણી સંબંધિત કામગીરી કરવી એ સીધો આચારસંહિતાનો ભંગ ગણાય છે. ત્યારબાદ કર્મચારીએ સ્પષ્ટતા આપી હતી કે તેઓ પોતાના મિત્ર ને મદદ કરવા માટે આવ્યા હતા. પરંતુ જો તેઓ સક્રિય રીતે ફોર્મ ભરતા જોવા મળ્યા હોય તો આ દલીલ પુરતી માન્ય ગણાશે કે નહી તે સવાલ ઉઠી રહ્યો છે.

આ ઘટના બાદ વહિવટી તંત્રની કામગીરી પર પણ સવાલો ઉઠી રહ્યા છે. શું સંબંધિત અધિકારીઓ આ મામલે તપાસ શરૂ કરશે? શું કર્મચારી વિરૂધ્ધ શિસ્તભંગની કાર્યવાહી થશે ? તેમજ શું આ પાછળ કોઈ રાજકીય દબાણ હતુ કે કર્મચારી પોતે જ સ્વૈચ્છિક રીતે જોડાયા હતા.

# કૃષિ પાકની ઉપજ બાદ ગોડાઉનના અભાવે કરોડોના કિંમતી પાકનું નુકસાન

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

રાજ્ય સરકારના બજેટમાં ખેડૂતોની કૃષિ ઉપજનો સંગ્રહ કરવા માટે દર વર્ષે ગોડાઉનની ક્ષમતા વધારવાની અને તે માટે પ્રોત્સાહન આપવાના દાવા થાય છે. તેની બીજી તરફ લણણી થઈ ગયા બાદ ખેડૂતોનો કરોડો રૂપિયાનો કિંમતી પાક યોગ્ય સંગ્રહ અને ગોડાઉનના અભાવે નુકસાન પામી રહ્યો છે. જેમાં ખેડૂતોના વિવિધ કૃષિ પાકથી લઈને બાગાયતી ઉપજનો પણ સમાવેશ થાય છે. ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષોથી માવઠુ, અતિવૃષ્ટિ અને પૂરના કારણે ખેડૂતોને સતત ફટકો પડી રહ્યો છે. વાવેતર-પાકને નુકસાન ઉપરાંત જમીનના ધોવાણના કારણે પણ ખેડૂતોની હાલત કફોડી થાય છે. સરકાર દ્વારા જે સહાય પેકેજ જાહેર કરાય છે તે પણ અનેક કિસ્સામાં વાસ્તવિક નુકસાન કરતા ઓછુ હોવાની ફરિયાદ ખેડૂતો દ્વારા થાય છે. આવી કુદરતી આપત્તિઓ બાદ પણ જે પાક ઉગે છે તેમાંથી કેટલોક હિસ્સો પૂરતી સંગ્રહશક્તિની વ્યવસ્થા કે ગોડાઉનના અભાવે નાશ પામે છે. તેમાં બાજરી, કપાસ, મકાઈ, મગફળી જેવા પાકથી લઈને કેળા જેવા ફળ અને ડુંગળી સહિતના શાકભાજીનો સમાવેશ થાય છે. દૂધમાં પણ ૦.૫ ટકાનું નુકસાન થયું છે. લોકસભામાં ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રાલય દ્વારા આ માહિતી આપવામાં આવી છે. તેમાં અનેક રાજ્યમાં ગુજરાત કરતા ગોડાઉનની વ્યવસ્થા સારી હોવાના કારણે નુકસાન ઓછું છે, તો કેટલાક રાજ્યમાં નુકસાનનું પ્રમાણ ગુજરાત કરતા પણ વધુ હોવાનું જણાવાયું છે. રાજ્યમાં કેટલાક પાકનું જંગી ઉત્પાદન થતું હોવાનું અને કેટલાક વિસ્તારોમાં જે પાકની ભારે ઉપજ થતી હોવા છતાં કૃષિ વિભાગ તે સ્થળે ઉત્પાદનની સરખામણીમાં જરૂરી ગોડાઉન કે યોગ્ય સંગ્રહ ખેડૂતો પાસે થઈ શકે તેવી વ્યવસ્થા કરી શક્યો નહીં હોવાનું પણ આંકડા પરથી સ્પષ્ટ થાય છે.

**વહેતા પાણીમાં ડમ્પર અને જેસીબી બંને ફસાયા**

# વેડંચા ગામે તળાવનો પાળો તૂટતા સર્જાઈ દુર્ઘટના

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના વેડંચા ગામે આજે એક મોટી દુર્ઘટના ઘટતા રહી ગઈ હતી. ગામના તળાવના ઊંડીકરણ અને મજબૂતીકરણનું કામ ચાલી રહ્યું હતું, તે દરમિયાન અચાનક તળાવનો પાળો તૂટી પડ્યો હતો. પાળો તૂટતાની સાથે જ બહારનું પાણી ખૂબ જ વેગ સાથે તળાવમાં ફરી વળ્યું હતું. પાણીનો પ્રવાહ એટલો ઝડપી હતો કે કામ કરી રહેલા મશીનોને બહાર નીકળવાની તક પણ મળી ન હતી.

તળાવમાં પાણી ફરી વળતા ત્યાં કામ કરી રહેલું એક ડમ્પર અને જેસીબી બંને જળમગ્ન થઈ ગયા હતા અને કાદવ-કીચડમાં ફસાઈ ગયા હતા. પાણીનું સ્તર સતત વધી રહ્યું હોવાથી ડમ્પર ચાલક કેબિનમાં જ ફસાઈ ગયો હતો અને તેના જીવ પર જોખમ ઊભું થયું હતું. આ દ્રશ્યો જોઈને કિનારે ઉભેલા ગ્રામજનો અને અન્ય શ્રમિકોમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો. પરિસ્થિતિની ગંભીરતાને જોઈને જેસીબી ચાલકે સમયસૂચકતા વાપરી હતી. જેસીબીના પંજા (બકેટ) ને ડમ્પરની કેબિન સુધી પહોંચાડીને ડમ્પર ચાલકનું રેસ્ક્યુ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ભારે જહેમત બાદ ડમ્પર ચાલકને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ લાખોની કિંમતના વાહનો પાણીમાં ગરકાવ થતા નુકસાન પહોંચ્યું છે. હાલમાં તળાવમાંથી વાહનોને બહાર કાઢવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.